# બુદ્ધિપ્રભા



તંત્રી ઈંદીરા: શાહ | દીપોત્સવી અંક | સંપાદક: ગુણવંત શાહ

# Valuable words of Shrimad Buddhisagar Suriswarji for Bharat.

Oh! Bharat give your philosophical knowledge to all the people. Develope truth, energy, fearlessness, unity and pure love in the whole nation. Forget your bodily force in causing injury to anybody Remove enmity, jealousy and dis-union from your people. You are the head of different countries. Live with your power and energy and be a guide to other nations. Oh! India give up fear of all kinds. Oh! Bharat don't beg self-Government and Independence from any body. Learn the lives of the Divine persons of your land and act accordingly. Those who want independence are not expected to beg for it, and that could not remain for ever. Be fit by developing your spiritual force. Be loyal and faithful to the nation. Don't cut your own feet. You are the heart of the peace of the whole world. Every nation will become prosperous by your peaceful attitude and they will get light from it in feature the whole World will be benefitted in future from you. Oh! Bharat the whole World will get peace of the Soul from lives of the saints of India who had spiritual power. Oh! people of India, whether you are Hindu or Mohmedens, consider that the Souls of all are the same, and therefore love each other and live unitedly and give your share in bringing Unity of the whole World by giving up all sorts of disputes enmity etc. Nobody has taken with him in future. But it is a pity that people do not understand it. Therefore awake and do not become idle or indifferent under Independence. If you forget the truth, you will lose human life. After death, good deeds or sins will only come with you. Do not leave justice by adopting partirality. Do not make any person unhappy by oppressing him for the sake of self interest. Do not lose human life which is very valuable. Be devoted to God by purifying the Soul by truth justice and humanity. Keep high ideals and keep your heart pure. Do not allow evil thoughts (Setan) to enter your heart even for moment. Purify your Soul so long as it is living in the body. Purify your caste, community, country and authority and do not make breach of trust. Keep your mind pure. Do not use your post for making other countries dependent upon you. Help the cause of Independence and Freedom in all the other nations. Use your authority with pure heart. Do not lose your name and fame in this short life. Serve everybody. Do all that you can for the good of others. Keep your mind concentrated in God without

( Continude on cover page 3 )

# અશોક

## સીલ્ક અને વેલ્વેટ



ફેશન-ડી-પારીસ
કિંગ્સ વેલ્વેટ
પદ્મિનિ
કામિનિ
અશોક બ્યુટી
સાટીન
બ્રોકેડ
ટાફેટા
લાઇનીંગ
ટેપેસ્ટ્રી

સેલીંગ એજન્ટસ:

**મેસર્સ વી. ચત્રભૂજ એન્ડ કંપની પ્રાઇવેટ લીમીટેડ**

**કૃષ્ણ ચોક. એમ. જે. માર્કેટ, મુંબઇ-૨.**

ફોન: ઑફિસ — ૩૨૬૯૦ મીલ્સ — [illegible] — [illegible]

ગ્રામ: વીસીકો

# શુભેચ્છાઓ.

ધર્મલાભ, પૂજ્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી મ. સાહેબે તેમના જીવનકાળ દરમિયાન વિશ્વના તમામ માનવોને ઉપયોગી થાય તેમજ તેમના જીવનને ઊચ્ચતા ભણી લઈ જાય તેવા અનેક ગ્રંથો લખ્યાં છે.

તેમના જીવન અને કવનને 'બુદ્ધિપ્રભા' વફાદાર રહીને શાસનસેવા કરતું રહે અને તે માટે શાસન દેવતાઓ તમને સહાય કરે એ જ મંગલ ભાવના.

લી. **ઋદ્ધિસાગરના ધર્મલાભ**

પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવન અને કવનને નિષ્ઠાપૂર્વક વળગી રહી તમો બુદ્ધિપ્રભાનું સંચાલન કરો અને શાસનની સેવા કરતા રહો એ જ શુભ ભાવના. —**કીર્તિસાગરસૂરિના ધર્મલાભ.**

ધર્મલાભ, તમોએ ઉપાડેલ શાસનની અભિવૃદ્ધિનું કામ મંગળમય નિવડો અને શાસનદેવ તમારા સેવાના કાર્યમાં સહાયભૂત અને માર્ગદર્શક બની રહો એવા અંતઃકરણ પૂર્વકના આશિર્વાદ છે.

**પૂ. પૂર્ણાનંદસૂરિ તથા પં. હ્રીંકારવિજયજી** (બેંગલોર)

ધર્મ ધ્યાનમાં ઉદ્યમ રાખશો. સેવાના ક્ષેત્રમાં આગળ વધો.

**આ. વિકાસચંદ્રસૂરિ** (સાદડી)

ધર્મ લાભ, ધર્મ ધ્યાનમાં ઉજમાળ રહેશો અને સ્વ–પર આત્મકલ્યાણનો ધ્યેય સતત જાગૃત રાખશો. —**પં. વર્ધમાનવિજય** (વાડાશિનોર)

આજકાલના વૈજ્ઞાનિક, જડ, ભૌતિક, યાંત્રિકાદિવાદના ઝેરી જમાનામાં દિન પ્રતિદિન સત્ય, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, આદર પ્રેમ, બહુમાન ઉપાસનાદિ ઘટતું જતું જણાય છે. તેવા સમયે તો તેનું રક્ષણ કરવું એ એક મહાન કાર્ય ગણાય. 'બુદ્ધિપ્રભા' માસિક દ્વારા આ સંસ્કૃતિનું રક્ષણ કરતું અમર રહે તેવી શુભેચ્છા. —**માનતુંગ વિજયજી મ. (સેવક)** વગડીયા.

ધર્મ લાભ, તમારી સેવાભાવની ધગશને જોઈ તેની અનુમોદના શાસનનું સુંદર કામ કરી–સુલેખો લખી ભાવિ પ્રજાને લેખો વાંચી સુસંસ્કાર પડે તેવું પ્રકાશન કરશો. **મુનિશ્રી નરોતમવિજયજી** (પેટલાદ)

બુદ્ધિપ્રભાના વાંચકોને અમારા નવલ વરસના

**સાલ મુબારક**

આગ-જિંદગી અને અકસ્માતના વિમા માટે મળો યા લખો:—

**બી. એચ. વોરા (ધોરાજીવાળા)**

ડેવલપમેન્ટ ઓફિસર

લાઈફ ઈનસ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા, બ્રાંચ નં. ૯૮૫

હેમંત મેન્શન

પોલીસચોકી સામે, ઘોડ બંદરરોડ, બોરીવલી: મુંબાઈ ૬૬.

**ઉદ્યોગોની સેવામાં...**

**મણીયાર**



**ટ્રેઈલર**

બે તથા ચાર વ્હીલમાં

બનાવનાર તથા વેચનાર:

**મણીયાર એન્ડ કું.**

આસ્ટોડીયા દરવાજા બહાર, અમદાવાદ.

ટે.નં. ૫૧૬૮૨ • ગ્રામ: 'મણીયારકો'

સરળ

સુશોભિત

ટકાઉ

**રાઇટશાર્પ**



**ડુપલક્સ**

ફેક્ટરી:

પ્રભાત ઉદ્યોગ નગર

પ્લોટ નં. ૧, જોગેશ્વરી, મુંબઈ-૬૦

ડીસ્ટ્રીબ્યુટર્સ:

રાજેન્દ્ર કુમાર એન્ડ કું.

૩૩૬, અબ્દુલરહેમાન સ્ટ્રીટ; મુંબઈ-૩

'બુદ્ધિપ્રભા' માસિકના તંત્રી બની તમે શાસનસેવા બજાવી રહ્યાં છો. તમને સેવાની ધગશ છે. જ્યાં ક્ષેત્ર મળે ત્યાં સેવા કરતા રહો.

**મુનિશ્રી અશોકવિજયજી** (બાલાપુર)

આ યુગ પ્રચારનો છે. જૈનધર્મના સાહિત્યનો જેટલો વધારે પ્રચાર થશે તેટલો જૈનધર્મ ફેલાશે. અને 'અહિંસા' નો પયગામ વિશ્વભરમાં ગુંજતો થશે. તમે બુદ્ધિપ્રભા દ્વારા 'જીવો અને જીવવા દો' નો ભગવાન મહાવીરનો સંદેશો પહોંચતો કરો એજ શુભેચ્છા.

**અભયરાજ બલદોટા**, પ્રમુખ. જૈન શ્વે. કોન્ફરન્સ.

**શ્રીમતી વાસંતીબેન બલદોટા,**

કામ કરો, આગળ વધો, સમાજરૂપી દીપકમાં કાર્યરૂપી ઘી રેડતાં રહો, સફળતાની જ્યોત ઝગમગતી જ રહેશે. હારતા નહિ, થાકતાં નહિ. કસોટીએ ચઢીને પણ આગળ વધો. યોગનિષ્ઠ આ. શ્રી બુદ્ધિસાગરજીનો તમારા પર હાથ રહેશે. અને તમે સત્ય, પ્રમાણિકતા અને ધર્મને વળગી રહેશો તો આગળ સફળતાને સફળતાજ છે. **પોપટલાલ રામચંદ** (પુના)

બુદ્ધિપ્રભા માસિક સફળતાથી ચલાવો અને યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરજીના સાહિત્યનો વિશ્વભરમાં પ્રચાર કરો તેવી શુભેચ્છા.

**ચંદુલાલ નગીનદાસ** (મુંબઇ) ભાખરીયા બ્રધર્સ.

ખૂબ ખૂબ પ્રગતિ કરો તેમ ઇચ્છીએ છીએ.

**છબીલદાસ પંડિત** (ખંભાત)

'બુદ્ધિપ્રભા' માસિકનું સંચાલન તમે નિષ્ઠાપૂર્વક સંભાળશો. તમારા યોગ્ય તમને ક્ષેત્ર મળેલ છે. તેમાં વિકાસ સાધો. **શાંતીભાઇ જગાભાઈ,** મંત્રી

શાંતીચંદ્ર સેવાસમાજ, અમદાવાદ.

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે આપે 'બુદ્ધિપ્રભા' નું સંચાલન સ્વીકારી મોટું ધૈર્ય બતાવ્યું છે. 'બુદ્ધિપ્રભા' ના જુના અંકોમાંથી એકાદ અંક મારા જોવામાં આવ્યો છે. પરમપૂજ્ય ગુરૂ મહારાજ આચાર્ય બુદ્ધિસાગરજીના કેટલાએક ગ્રંથો મને વાંચવા મળેલ છે. મારા ઉપર તેમની અસર થઈ જ છે. આપના

FOR

# PAPER & BOARDS

**Contact**

Grams : **Oremines.**

PHONE : **323878**
FACTERY : **63612**

## Champaklal Lalawani & co.

PAPER, BOARDS, METALS & MINERALS

LALWANI HOUSE

**f31, Mirza St. BOMBAY – 3.**

સંચાલનમાં માસિક સમૃદ્ધ અને વાચનીય પણ નિવડશે એવી મારી ખાત્રી છે પત્ર સંચાલનનો તમને સારો અનુભવ થયેલો હોવાથી માસિક લોકાદરને પાત્ર બનશે એવી અમને સકારણ આશા છે.

**સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ** (માલેગામ)

'બુદ્ધિપ્રભા' માસિકના સંપાદન અને પ્રકાશનમાં તમને જરૂર સફળતા મળશે જ કારણકે તમે નિષ્ઠાવાન ખંતીલા કાર્યકર છો.

**મોતીલાલ વીરચંદ** (માલેગામ) સહમંત્રી, જૈન શ્વે. કોન્ફરન્સ.

તમારા તરફથી માસિક પ્રગટ થનાર છે તે જાણી આનંદ થયો. આ લાઇનનો તમારો સારો અનુભવ છે. તમે ખંતીલા, સાહસિક, પ્રમાણિક અને સમાજ સેવાના ઇચ્છુક હોવાથી આ કાર્ય સફળ થશે તેની ખાત્રી છે. જૈન સમાજની ઉત્કૃષ્ટ સેવાની ભાવના છે તે તમારી સિદ્ધ થાય તે માટે શાસનદેવને પ્રાર્થના. તમારા પત્રની ફતેહ ઇચ્છું છું.

**સવાઈલાલ કેશવલાલ** (કલકત્તા)

બુદ્ધિપ્રભા નવું રૂપ ધારણ કરે છે તે જાણી આનંદ. આપના સંપાદિત માસિકમાં કાયમ નવું વાંચન આવતું રહે તેવી ઇચ્છા રાખી આપનું માસિક ઉત્તરોત્તર વિકાસ પામે એજ અભ્યર્થના. **રમેશ શાહ** (સીકંદ્રાબાદ)

બુદ્ધિપ્રભા માસિકનું સંચાલન તમે સ્વીકારેલ છે તે જાણીને આનંદ.

**મૂળચંદ કસનદાસ કાપડિયા** (સુરત)

તમારો આત્મા તો પત્રકારનો જ કાર્યમાં સફળતા ઇચ્છું છું.

**બાબુભાઈ કાપડિયા** (અમદાવાદ)

મને જાણીને ઘણો જ આનંદ થયો છે કે 'બુદ્ધિપ્રભા' માસિકના સંચાલનની જવાબદારી તમે લીધેલ છે. હું હાર્દિક શુભેચ્છા અર્પું છું કે તમને સફળતા મળે તમે યશસ્વી બનો. અને આ પત્ર દ્વારા શાસનની સેવા કરો.

**પ્રતાપમલજી શેઠિયા** (મુંબઇ)

## વાંચો: વંચાવો અને વસાવો.

આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિજીની સિદ્ધ હસ્ત કલમે
લખાયેલા અનન્ય ગ્રંથો :—

| | |
|---|---|
| ૧. Reminiscences of Vijay Dharma Suri | English |
| ૨. Letters to Vigay-e-ndra Suri ( વિશ્વ વિખ્યાત ૩૫ વિદ્વાનોનો પત્ર સમુચ્ચય ) | ,, |
| ૩. વૈશાલી | હિંદી |
| ૪. વીર-વિહાર મીમાંસા | ,, |
| ૫. હસ્તિનાપુર | ,, |
| ૬. જગત અને જૈન દર્શન | ,, |
| ૭. તીર્થંકર મહાવીર ભાગ ૧-૨, | ,, |
| ૮. ગુરુગુણ રત્નાકર (સંપાદન) | સંસ્કૃત |
| ૯. શાંતિનાથ ચરિત્ર ,, | ,, |
| ૧૦. વૈશાલી | ગુજરાતી |
| ૧૧. વીર-વિહાર મીમાંસા | ,, |
| ૧૨. અશોકના શીલાલેખો ઉપર દૃષ્ટિપાત | ,, |
| ૧૩. પ્રાચીન ભારત વર્ષનું સિંહાવલોકન | ,, |
| ૧૪. મહાક્ષત્રપ રાજા રુદ્રદામા | ,, |
| ૧૫. મથુરાનો સિંહધ્વજ | ,, |
| ૧૬. જગત અને જૈન દર્શન | ,, |

આજેજ તમારો ઓર્ડર નોંધાવો—

**યશોધર્મ મંદિર,**

૧૬૬, મર્ઝબાન રોડ, અંધેરી, મુંબઈ-૫૮



WITH THE BEST COMPLIMENTS

To

**" BUDHI PRABHA "**

From :—

## M/s. *J. P. SONS & CO.*

**289/91,** Nagdevi Street,

8 K. K. Mansion – **BOMBAY 3.**

યોગનિષ્ઠ આ. શ્રી બુદ્ધિસાગરજી મહારાજના પ્રચાર્થે ચાલતાં 'બુદ્ધિપ્રભા' ને વધુ વેગવંતુ બનાવો. નવા તંત્રીઓ ઉત્સાહી હોવાથી તેના સંચાલન કાર્યની શુભેચ્છા ઇચ્છું છું.

**હિંમતલાલ,** શાંતીલાલ ઓધવજીની કું.

'બુદ્ધિપ્રભા' માસિકમાં ધાર્મિક અને સામાજિક લેખો પ્રગટ કરી ઉચ્ચ પ્રકારનું સાહિત્ય છાપી ઉગતી પેઢીને જૈન સંસ્કારનો વારસો મળતો રહે તેવી શુભેચ્છા.

**ચંપકલાલ લલવાણી**
**—રંભાબેન લલવાણી** (વડાલા)

આપ શ્રી બુદ્ધિપ્રભા માસિકના તંત્રી બન્યા છો તે જાણી આનંદ. આપનું જીવન સેવામય, સુખમય, કલ્યાણમય બનો એવી શુભેચ્છા.

**જીવરાજ કરમશી શાહ** (પાલીતાણા)
માનદ્ મંત્રી—ગૌરક્ષા સંસ્થા.

જૈન ધર્મને સત્યના પંથે રહેવાનું છે તે ખ્યાલમાં રાખી પત્રનું સંપાદન કરશો. જનતાને તમારા પ્રત્યે વિશ્વાસ રહે તેવું લખાણ ભલે ટુંકું હોય પણ સત્યનું ભાન થાય તેવું છાપશો. બુદ્ધિપ્રભાનો વધારે ફેલાવો થાય, એજ શુભેચ્છા.

**જયંત પી. શાહ** ( કલકત્તા )

'બુદ્ધિપ્રભા' માસિકની જવાબદારી તમોએ લીધેલ છે તે બદલ ધન્યવાદ. આશા છે કે 'બુદ્ધિપ્રભા' ની પ્રગતિ વિકાસ અને ખ્યાતિ ખુબ વિશાળ થશે.

**રજનીકાંત શાહ** (મુંબઇ)



# બુદ્ધિપ્રભા


| | | |
|---|---|---|
| વર્ષ ૪ થું<br>કિંમત ૧ રૂા. | સળંગ અંક ૪૮ ઓકટોબર ૧૯૬૩<br>દીપોત્સવી અંક | કાર્યાલય :<br>C/o ધનેશ એન્ડ કું.<br>૧૯/૨૧ પિકેટ ક્રોસલેન<br>મુંબઈ ૨. |


## વિશ્વ જ્યોતિર્ધરોને

વર્ધમાન એ તો રાજદરબારી કુલ હતું. સિદ્ધાર્થ રાજવીનું એ બીજું સંતાન હતું. મા ત્રિશલાનું એ લાડલું ગુલાબ હતું.

નાની વયે સંસાર માંડયો. યુવાન વયે સંસારને સલામ ભરી ઘોર તપશ્ચર્યા કરી વન વન એ ભમ્યો. ગામડે ગામડું ખૂંદયા. જે સિદ્ધિ માટે એણે યાતનાઓ સહી, ઉપસર્ગો સહ્યાં, અવહેલના વધાવી એ કેવળજ્ઞાન એણે મેળવ્યું.

પહેલું પ્રવચન (Spceeh) કર્યું નિષ્ફળ ગયું. ન કોઈએ દીક્ષા લીધી. ન કોઈએ વ્રત લીધું છતાંય એ નિરાશ ન થયો. પોતાનું જીવનકાર્ય એણે ચાલુ જ રાખ્યું.

અંતે ઘણા ભકતો થયા. શિષ્યો થયા. સંઘની સ્થાપના કરી, હિંસાનો વિરોધ કર્યો. જીવમાત્રની ઐકયતાની સ્થાપના કરી. અનેકાંતવાદની નવી ફીલસુફી સમજાવી.

એ જનમ્યો, જીવ્યો ને જગતને અમર ભેટ ધરતો ગયો:—

જીવો ને જીવવા દો:

અહિંસાના અમરગાયક, સત્યના મહાન સંશોધક, માનવતાના મહાન પૂજારી, સકલ જીવ જગતની ઐકયતાના પ્રથમ ઉદ્‌ઘોષક, સ્ત્રી સ્વાતંત્ર્યના પહેલા ને એક માત્ર જયઘોષક.

પરમ પ્રભુ ભગવાન મહાવીરને શત કોટી કોટી વંદન.

(૨)

આ પૃથ્વી અને પિતા વસુભૂતિનો એ પુત્ર. ઇન્દ્રભૂતિ એનું નામ. મગધના ગોબર ગ્રામમાં એ જનમ્યાં બ્રાહ્મણ એનું કુળ.

પિતાના સંસ્કારે એ ખૂબ ભણ્યા પ્રકાંડ પંડિત થયા. પરંતુ એ બધું ભણ્યો છતાંય એને જીવ અને આત્માનો ઉકેલ ન જડયો.

ભગવામ મહાવીરે એને ઉકેલ આપ્યો. અને ઇન્દ્રભૂતિ ભગવાનનો શિષ્ય બની ગયેલ.

એ જેને દીક્ષા આપે તેને કેળવજ્ઞાન થતું. પણ કેવળી ન બની શકયા. કારણ મહાવીરનો એ દેહરાગી હતા.

૪ર વરસ સુધી ભગવાન સાથે રહ્યાં. અનેકને મોક્ષપથે વાળ્યાં ને ૯૨ વરસની ઉંમરે પોતે પણ મોક્ષે સીધાવી ગયાં.

ભગવામ મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિના કેવળજ્ઞાન દિને અમારી લાખ લાખ વંદના.

(૩)

એ જ ધરતીની ધૂળ હતી. જ્યાં એ રમ્યાં હતાં. જ્યાંની શેરીઓમાં એ મોટા થયાં હતાં.

મહુવા એમનું જન્મસ્થાન.

અને વાહરે કુદરત ! માદરે વતને સાદ કર્યો. માંસોમને આંગણે એ આવ્યા. મંગલ મૃત્યુએ તેમને ફુલમાળ પહેરાવી.

અને જે ગલીઓમાં એ કોઈનાય ખાસ દોર્યા વિના ખેલ્યાં હતાં એ જ ગલીઓમાં લોકોની વંદના ઝીલતા, લોકોનો અર્ધ્ય ઝીલતાં, લોકોની ભાવભીની 'અંજલિ' સાંભળતાં એ સદાય માટે ચાલ્યાં ગયાં !!!

એ જ દિવસે જનમ્યાં. એ જ દિવસે જીવનને છેલ્લું મળી લીધું.

નાની જ વયે સંસાર છોડયો. તીર્થંકરોના જીવનને યાદ આપી જતી તેવી પ્રતિક મૂર્તિઓના કાર્યમાં લાગી ગયાં. કંઇક મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા, કંઇક મંદિરો નવા ઊભા કર્યા. કદંબગિરિ તો તેમનું અમર સ્મારક છે. ત્યાં એક દેવનગરી જ ઊભી કરી દીધી.

સંત અને શિલ્પ સ્થાપક, શાસન સમ્રાટ પૂ. આચાર્ય દેવેશશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબને તેમની સંવત્સરીએ અમારી ભાવભીની વંદના.

# નવલ વર્ષના સાલ મુબારક

નથી એના અભરખા કરતો, છે એનું અભિમાન નથી માંગતો હું તો એ નવલ વરસે નથી અને છે થી વિરક્ત અનાશક્તિ માગું છું.

વહેવારને ધર્મ બનાવો. પણ ધર્મને વ્યવહાર તો નહિ જ નહિ.

લશ્કરી હાથોએ મા ધરતીને લાલ કફન ઓઢાડયું છે. જ્યારે સૂકા હાડપીંજર ખેડૂતોના હાથોએ તો તેને લીલુડી સાડીજ ઓઢાડી છે.

વરસીને નામશેષ થઇ ગએલી વાદળીનો આ જગને સંદેશ છે. વળતરની આશાએ નહિ, એક ભાવનાથી તમારા જીવનનું બુંદેબુંદ નીચોવીને આપી દો. અને નક્કી માનજો તમારૂં એ સમર્પણ કદિ મિથ્યા નહિ જાય.

રડનારાને તો એ મિનિટનું આશ્વાસન જ મળે છે. હસનારાને તો તો જીવન આખાની સોબત.

સમર્પણ એ તો પ્રેમની સુવર્ણ કલગી છે.

નારી જે રાષ્ટ્રની બજારમાં બેસે છે તે રાષ્ટ્રની સંસ્કૃતિ ભલે ઉજળી હોય પણ તે કલંકિત છે.

સાહસિકતા એ તો સિદ્ધિની જનેતા છે.

લગન એ વાસનાનો પરવાનો નથી; સંયમની એ તો શરત છે.

મુરઝાયેલું ફુલ કહી રહ્યું હતું:—"એ રૂપઘેલા ! મોં શું મચકોડે છે? મેં સૌન્દર્ય ખોયું છે. પણ સુવાસ નહિ."

બાળક એ નાજુક હાડકાનું કોઈ જીવંત રમકડું નથી; સ્ત્રીનું ઊર્મિનું અને પુરુષની ભાવનાનું એ તો રસાયણ છે.

ર—ર રૂપમાં ભભક છે જ્યારે સૌન્દર્યમાં દિલ ઠારનારી ઠંડક.

કલાની આ શરત છે:—"જિંદગીને હોડમાં મૂકો" બસ પછી કલા તમારી જ છે.

ગુણવંત શાહ

**સુજ્ઞ વાંચકો,**

**આપનું આ નવલ વરસ–શરદ પૂર્ણિમાની નિર્મળ ને નિર્મય ચાંદની જેવું; વસંત ઋતુમાં ખીલેલા ફૂલ જેવું સંગીત ગાતું બની રહો એ જ નૂતન વરસની આપ સૌને શુભેચ્છા.**

**જેઓએ મારા કાર્યને સફળતા ઈચ્છી છે, જા × ખ. આપી છે તેમજ ગ્રાહક સભ્ય તરીકે જેઓએ મને ઉમળકાભર્યો સાથ આપ્યો છે તે સૌનો હું આભાર માનું છું.** **—ઈંદીરા શાહ**

તંત્રી.

# સંપાદકીય

વહાલા, વાંચકો ! તમે આ દીવાળી અંકમાં જોઈ શકશો કે બુદ્ધિપ્રભાની ચાલુ રફતાર કરતાં, ઘણા જ ધરખમ ફેરફાર તેમાં થવા પામેલ છે. તેનું કદ નાનું થવા પામેલ છે. વૈવિધ્ય સભર લેખો–વાર્તાઓ, હિંદી–ગુજરાતી તેમ જ અંગ્રેજી ભાષામાં આપવામાં આવ્યાં છે. વહીવટી નામો પણ નવા દાખલ થવા પામ્યાં છે. આ બધું નવું ને નવતર જોતાં ને વિચારતાં વાંચકોના દિલમાં અનેક પ્રશ્નો ઊભા થાય એ સ્વભાવિક છે.

તેનો ખુલાસો કરતાં જણાવવાનું કે 'બુદ્ધિપ્રભા' નો વધુ વિકાસ થાય અને તેના તેવા ઉમદા હેતુથી આ બધા પરિવર્તન કરવામાં આવ્યાં છે. મોંઘવારીની ભીંસના દર્દથી કોણ અજાણ્યું છે? દરેક ચીજ–વસ્તુને મોંઘવારીની નાગચૂડે તેનો કારમો ભરડો લીધો છે. ન્યુઝ પ્રીન્ટ ઝાઝે ભાગે પરદેશનો આવતો હોવાથી એ ભરડાની અસર તેના પર પણ પડી છે. મજુરીના ભાવો પણ બેહદ વધી ગયાં છે. આથી સ્વભાવિક રીતે જ પત્રને એ બધાની અસર પહોંચે અને આથી જ અમે બુદ્ધિપ્રભાનું લવાજમ હવેથી રૂપિયા પાંચ રાખ્યું છે. પરંતુ અમે માત્ર લવાજમ વધારીને જ એ ભીંસને હળવી કરવાનો પ્રયાસ નથી કર્યો. અમે એ સાથે વાંચકને તેના લવાજમને પૂરતું વળતર મળી રહે તે માટે પાનાની સંખ્યા પણ વધારી છે. અને હાલ અમારી એ ભાવના છે કે વરસ દરમિયાન ઓછામાં ઓછું હજાર પાનાનું સમૃદ્ધ સાહિત્ય આપવું. અમારી એ રીતે નેમ રહેશે કે વાચકોને તેમના લવાજમ પૂરતું વળતર મળી રહે. આથી અમો આશા રાખીએ છીએ કે વાચકોને લવાજમ વધારા માટે અસંતોષ નહિ રહે.

અને વધુ તો અમારો આ દીવાળી અંક જ આપને સૌ પ્રશ્નના જવાબ આપશે. વાચકોની જ્ઞાન જિજ્ઞાસા અને સાહિત્ય ભૂખને ધ્યાનમાં લઇને અમે જાગૃત પ્રયત્ન કર્યો છે. અને ભગવાન મહાવીરના જીવનને લગતી જેટલી માહિતી મળી શકે અને સામાયિકમાં જેટલી સમાવેશ થઈ શકે તે રીતે અમે એ બધી સત્તાવાર વિગતો આપી છે. અમારો દરેક અંક તે રીતે સમૃદ્ધ રહેશે જેની વાંચકો ખાત્રી રાખે.

પત્રકારિત્વના ક્ષેત્રમાં આમ અમારો ઘણા ઘણાં વર્ષોનો સંબંધ છે. પરંતુ તેના રંગમંચ પરથી આ અમારૂં પ્રથમ પ્રકાશન છે. આ જાતનું જવાબદારી ભર્યું કાર્ય કરવાની અમને જે તક આપવામાં આવી છે તે માટે અમો પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. તેમ જ પૂજ્ય ગુરુ મહારાજશ્રી દુર્લભસાગરજી મ૦ સાહેબના ઘણા જ ઋણિ છીએ. મુંબઈ જેવા વિશાળ ક્ષેત્રમાંથી 'બુદ્ધિપ્રભા'નું પ્રકાશન થાય અને તેનો સમગ્ર વહીવટ મુંબઇથી જ થાય એવી અમોએ તેઓશ્રીને વિનંતી કરેલી. અને તેઓશ્રીએ, ચાર વરસના અનુભવ પરથી, ખૂબ વિચાર મનોમંથન બાદ, અમોને તે કાર્ય અમારી સંપૂર્ણ જવાબદારી ઉપર સંભાળી લેવાની અનુમતિ આપી અને આશીર્વાદ પણ 'બુદ્ધિપ્રભા'ના નિવૃત્ત તંત્રીઓ શ્રી છબીલદાસ કેસરીચંદ પંડીત તેમ જ શ્રી ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીયાએ જે ઉદારતા અને પ્રેમથી તેમના સ્થાને અમને આ કાર્ય કરવાની તે ઉજમાળી તક આપી છે તે માટે તેઓના પણ અમો આભારી છીએ.

અને આ પ્રસંગે મારે નમ્ર ને ગૌરવપણે કહેવું જોઇએ કે જે સંપાદક તરીકેની જવાબદારીને જોખમ ભરેલી જગાએથી કામ કરતો થયો છું તેનો સઘળો યશ મારા પૂજ્ય ગુરુ—વડિલ એવા ખેવડા સંબંધથી સંકળાયેલા શ્રી પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવીને ફાળે જાય છે. 'બુદ્ધિપ્રભા'ના તેમના વહીવટ દરમિયાન તેઓશ્રીએ મારા અનેક લખાણોને પ્રગટ કર્યાં છે. સંસ્કાર્યાં છે ને યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું છે. તે સિવાય પણ તેઓશ્રીએ મારી કલમને ઘણા પ્રસંગો ટકોરી છે. સંસ્કારી છે અને જાગૃત રાખી છે. ગુરૂ કરતાં શિષ્ય સવાયા બને એ આશીર્વાદ આપી જ્યારે તેઓશ્રીએ આ સંપાદકીય કાર્ય મને સુપ્રત કર્યું છે ત્યારે હું માત્ર આટલું જ કહીશઃ—

આપના તેમ જ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજીના આશીષોથી હું શાસન સેવાનું કાર્ય નર્ભિયપણે ને નિષ્પક્ષ રીતે કરતો રહું એ જ મારી નિત્યની પ્રાર્થના છે.

# ચરમ તિર્થંકર

# ભગવાન મહાવીરની

# જીવન ઝલક

## એક ઉડતી નજરે.......

**[પ્રભુ મહાવીરના જીવનની તમામ ઘટનાઓને આવરી લેતાં, પ્રસંગોને ઉડતી નજરે જોવાનો અમે એક નમ્ર પ્રયાસ કર્યો છે. આ તમામ નોંધો અમે પૂ. આ. મ. શ્રી વિજયેન્દ્રસૂરિ રચિત; 'તીર્થંકર મહાવીર' ના બે ગ્રંથોમાંથી સંશોધન કરીને લીધી છે. —સં.]**

દીક્ષા લેતાં અગાઉ તેમણે ૩ અબજ ૮૮ કરોડ ને ૮૦ લાખ સોનાના સીક્કાઓનું દાન કર્યું હતું.

×

દીક્ષા લીધા પછીનું પ્રથમ ચાતુર્માસ અસ્થિક ગ્રામમાં કર્યું હતું.

×

તેમના ઉપસર્ગોને ત્રણ ભાગમાં વહેંચી નાંખીએ તો તેમને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ઉપસર્ગ સહન કર્યા હતાં જેમાં.

જઘન્ય ઉપસર્ગોમાં સૌથી તીવ્ર ઉપસર્ગ કટપૂતના નામની વ્યંતર દેવીએ કર્યો હતો. શીયાળાની કડકડતી ઠંડીમાં તેણે પોતાના ચોટલા વડે ઠંડુ પાણી છાંટ્યું હતું ને તેનો વીંઝણો વીંઝ્યો હતો.

મધ્યમ ઉપસર્ગોમાં સૌથી તીવ્ર ઉપસર્ગ સંગમ નામના દેવે કર્યો હતો. તેણે એક જ રાતમાં વીસ પ્રકારથી ભગવાનને હેરાન કર્યા હતાં. જેમાં તેમણે કાળચક્ર છોડીને તો હદ જ વાળી હતી. એથી ભગવાન જમીનમાં અર્ધા દટાઈ ગયા હતા.

ઉત્કૃષ્ટ ઉપસર્ગોમાં સૌથી તીવ્રમાં તીવ્ર ઉપસર્ગ ગોવાળે કર્યો હતો. ભગવાનના કાનમાં તીણી ને લાંબી, કાનના કાણા જેટલી જાડી એવી શૂળો ભોંકી દીધી હતી. જે નીકળતાં ભગવાને હૃદયવિદારક એવી ચીસ પાડી હતી.

×

WITH BEST COMPLIMENTS

# PRAKASH PAPER COMPANY

K. K. Mansion, 289-91. Nagdevi Street, **BOMBAY-3.**

PHONE : 326779.

**Dealers in Paper & Boards**

Specialists in all kinds of writing and Printing Papers of Makes of Gopal, West Coast, Rohtas, J. K. Mills etc. etc.

**WITH BEST COMPLIMENTS**

TO

**" BUDHI PRABHA "**

# Bharat Photo Stores

Cola Lane, off Jiwaji Lane,

Dr. Dadabhai Navroji Road, Fort – **BOMBAY 1.**

દીપાવલીના અભિનંદન

હાઇડ્રોલીક પ્રેસરથી બનાવેલ

**હિન્દ ફ્લોરીંગ ટાઈલ્સ** નોજ આગ્રહ રાખો...

જે સુંદર અને ટકાઉપણા માટે પ્રખ્યાત છે. આર. સી. સી. મ્યુનિસિપાલિટી, પી. ડબલ્યુ. ડી., રેલ્વે, મીલો તેમજ લોકલબોર્ડને લગતી દરેક વસ્તુ ઓર્ડરથી બનાવી આપીશું.

**હિન્દુસ્તાન સીમેન્ટ પાઇપ એન્ડ કોન્ક્રિટ કન્સ્ટ્રક્શન કું.**

ઓફિસ :—ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ.

ટાઇલ્સ, સેનેટરી, વેર્સ અને પાઇપ ફીટીંગના વેપારી.

ગામ : ઉત્સવ ) ખાડીયા, ચાર રસ્તા, અમદાવાદ ટે. નં. ૫૫૨૯૨

**ફેક્ટરી :** સુવેઝફાર્મ રોડ, કેલીકોમીલ પાસે, અમદાવાદ ટે. નં. ૫૧૬૩૬

**સીમેન્ટ કોન્ક્રીટ કામની અમારી ફ્રી સર્વિસનો લાભ લો.**

ભગવાનને છદ્મસ્થ અવસ્થામાં એક રાજવીએ સાત વખત ફાંસીએ લટકાવ્યાં હતાં.

×

ગોવાળે જે ઉપસર્ગની શરૂઆત કરી હતી. અને ગોવાળથી જ તેમના ઉપસર્ગોનો અંત આવ્યો હતો.

×

વૈશાખ સુદ દસમના રવિવારે વિજય મુહૂર્તમાં તેમને કેવળજ્ઞાન અને કેવળદર્શન થયું હતું.

×

તેમણે જે પહેલી દેશના (Speech) આપી તે નિષ્ફળ ગઈ હતી. તેની કોઇના પર અસર ન પડી.

× × ×

ચંદના એ તેમની પ્રથમ સાધ્વી હતી.

ઇન્દ્રભૂતિ એ તેમના પ્રથમ શિષ્ય અને ગણધર હતા.

× × ×

તેમના મુખ્ય દસ શ્રાવકોના નામ આ પ્રમાણે છેઃ–૧. આનંદ, ૨. કામદેવ, ૩. ચુલનીપિતા, ૪. સુરાદેવ, ૫. ચુલ્લ શતક, ૬. કુંડ કૌલિક, ૭. સદ્દાલ પુત્ર, ૮. મહાશતક, ૯. નંદિની પિતા, ૧૦. સાલિહી પિતા.

×

ભગવાનને અગીયાર ગણધરો હતા–૧. ઇન્દ્રભૂતિ, ૨. અગ્નિભૂતિ, ૩. વાયુભૂતિ, ૪. વ્યક્ત, ૫. સુધર્મા, ૬. મંડિક, ૭. મૌર્યપુત્ર, ૮. અંકપિત, ૯. અચલ ભ્રાતા, ૧૦ મેતાર્ય અને પ્રભાસ.

×

અનેક રાજવીઓ તેમના પરમ ભક્ત હતા. તેમાં કુણિક રાજાનું નામ મોખરે રહે છે. ભગવાનના રોજેરોજના સમાચાર મળે તે માટે તેણે એક અલગ ખાતુ ખોલી અનેક માણસોને રોકયા હતા.

×

ભગવાનના આ પ્રસંગો ચ્યવન, ગર્ભાપહરણ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન ફાલ્ગુન નક્ષત્રમાં થયાં હતાં.

×

ભગવાને બાર વરસ ૭ માસ અને પંદર દિવસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. તેમાં માત્ર ૩૫૦ દિવસ જ પારણું કર્યું હતું.

×

# અમર દીપ

લેખક :
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી

સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીને અધ્યાત્મ જ્ઞાન દીવાકર નામથી નવાજવામાં આવ્યા છે તે એકદમ યથાર્થ છે. તેઓશ્રીએ પોતાના જીવનકાળ દરમિયાન અધ્યાત્મવાદની અઠંગ સાધના કરી હતી. અનેક જૈન જૈનેતર અધ્યાત્મ ગ્રંથોનું પરીશિલન કર્યું હતું. ધ્યાન—ધારણા ને સમાધિની આરાધના કરી હતી. અને અનેક દળદાર ગ્રંથો તેઓશ્રીએ અધ્યાત્મની સમજ આપતા લખ્યા છે. ભગવાન મહાવીર ઉપર તો તેમણે 'અધ્યાત્મ મહાવીર' નામનો એક મહાન ગ્રંથ જ લખ્યો છે.

અનેક વિષયોની જેમ 'દિવાળી' પર્વને પણ તેમણે અધ્યાત્મ નજરથી જોયું છે. અને દીવાળીના દિવસે જ સંવત ૧૯૬૮ માં તેઓશ્રીએ પ્રાચીન કવિ ધીરાના પદને મળતું એક પદ લખ્યું છે. શરૂમાં જ તે લખે છેઃ—

અંતરમાં દીવાળી રે, મોટું પર્વ ગણાય છે,
અંતરમાં અજવાળું રે, મિથ્યાતમ જાય છે.

ગુરુદેવ દીવાળીને મોટું પર્વ ગણે છે. કારણ તે દિવસે ભગવાન મહાવીરનું નિર્વાણ થાય છે અને તેમના પરમ શિષ્ય, પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામિને કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન એ એક એવો ઝળહળતો, જ્ઞાનદીપ છે કે જેની તેજલેખામાં પ્રકાશ પથરાય છે. અંધારું પુઠ પકડીને ત્યાંથી ભાગે છે. પણ ગુરુદેવને લૌકિક દીવાળીની વાત નથી કરવી. એ તો દીવાળીની વાત કહે છે. હૃદયમાં જ્ઞાનદીપ પ્રગટયો છે. એના ઉજ્જવળ પ્રકાશથી, અત્યાર સુધી જે મિથ્યાત્વ—ખોટા ને ભ્રામક જ્ઞાન—આચારને ક્રિયાનું જે અંધારું હતું તે હૃદય-ગુહામાં દીવાળી આવતાં જ દૂર થઇ જાય છે.

દીવાળીની આવી સંક્ષિપ્ત ભૂમિકા બાંધી આગળની પંક્તિઓમાં દીવાળીને વધુ વિશદ્ બનાવે છે. પ્રથમ ટૂંકમાં લખે છેઃ—

ઝળહળ જ્યોતિ અંતર ઝળકે,
ત્રણ ભુવન ઉદ્યોત;
સહજ સ્વરૂપી પરમ મહોદય,
કેવલ જ્ઞાનની જ્યોત.
શાશ્વત એ દીવાળી રે,
આનંદથી ઉભરાય છે.

માટીનો દીવો તો ઘડી પ્રગટ્યો કે ન પ્રગટ્યો, તેલ ખલાસ થતાં એ બૂઝાઇ જ જવાનો છે. અને એના પ્રકાશની મર્યાદા પણ કેટલી ? ઘણી જ થોડી. વધુ માં વધુ એ એક મોટા ખંડમાં અજવાળાની ચાદર પાથરી શકે. જ્યારે અહીં તો અંતરમાં દીવાળી થતાં કેવળ જ્ઞાનનો દીપ પેટ્યો છે. જે દીપની જ્યોત એવી તો ઝગારા મારે છે કે ત્રણે ભુવનમાં, દેવ, માનવ અને અસુર એ ત્રણે ભવનમાં તેનું અજવાળું પાથરી રહી છે. અને આ જ્યોત પણ જેવી તેવી નથી, મહાન ભાવિ તરફ લઈ જનારી છે, આવી ઝગમગ ઝગમગ થતી દીવાળી, માત્ર બે ચાર દિવસની જ નથી. એ તો શાશ્વત છે. રોજ રોજની દીવાળી છે. એવી દીવાળી પ્રગટ થતાં જ આનંદનો એક મહાસાગર ઉભરાય છે.

ગુરુદેવ આ રીતે અધ્યાત્મને અંતરની દીવાળીની વાત તો કરે છે. પણ લૌકીક દીવાળીને એ અળગી નથી કરતાં. દીવાળીમાં જે વ્યવહાર છે, બાકીના બીલો ચૂકતે કરી હિસાબ ચોકખા કરવા એને પણ નજરમાં રાખે છે અને બીજી ટૂંકમાં લખે છેઃ—

દેવું જરા ના કર્મતણું જ્યાં,
　　લક્ષ્મી પૂર્ણ પમાય;
શાહુકાર પોતે જ્યાં નક્કી,
　　દુઃખનું ભાન ન થાય.
અંધારે અજવાળું રે,
　　જોતાં જ્યાં જણાય છે.

આ તો ઘણાનો અનુભવ છે. દીવાળી આવતાં જ જેના માથે થોડું કે વધુ દેવું છે, તે સતત ચિંતામા રહે છે. એની ઉંઘ હરામ થઇ જાય છે. બીલો ચૂકતે કરવાં એ હજાર ઉદ્યમો કરે છે. પરંતુ જે દેવાદાર નથી. જેને કંઇ પણ બીલ ચૂકવવાની ચિંતા નથી એ સદાય મસ્તીમાં રહે છે. ભલે થોડી મૂડીવાળો પણ એક ધનપતિની અદાથી એ આરામથી જીવે છે.

એવા એ દેવાને અધ્યાત્મના બીબામાં ઢાળી ગુરુદેવ બતાવે છે કે જ્યાં કોઇ પણ કર્મ ભોગવવાનું કે કરવાનું બાકી નથી, સકલ કર્મનો ક્ષય થઈ ગયો છે એવો જે શાહુકાર છે તેને દુઃખની કે ચિંતાની, જરાય ઝાળ લાગતી નથી. અને એને તો જ્યાં અંધારું હોય છે, ગાઢ તિમિર છવાયેલો હોય છે ત્યાં પણ અંતરમાં પેલો દીપ પેટ્યો હોવાથી અજવાળું જ જણાય છે.

આજ વાતને વધુ વિસ્તારથી ૩–૪ ટૂંકમાં ગુરુદેવ દર્શાવે છે કે—

અભિનવ પર્યાયોની શુદ્ધિ,
　　અશુદ્ધતા ના લેશ;
ઉપાધિનો લેશ નહિ જ્યાં,
　　કોઇ જાતનો કલેશ.

સદાનું સુખ છાજે રે,
અભેદે જ્યાં રહેવાય છે;
રાગદ્વેષનું બીજ નહી જ્યાં,
લેશ નહિ અંતરાય.
ત્રણ ભુવનની ઠકુરાઇ જ્યાં,
દાસપણું ન રહાય;
માયાના ભેદ ભાગે રે,
શોક જરા ના થાય છે

મન વચન અને કાયામાં જ્યારે કોઈ વાસના નથી હોતી, કોઇ વિકાર નથી હોતો, કોઇ ગંદકી હોતી નથી, અને જ્યારે રોમેરોમ વિશુદ્ધ હોય છે, વાણીનો અક્ષરે અક્ષર સમ્યક્ હોય છે, વિચારનો એક એક તરંગ નિર્મળ ને નિર્મમ હોય છે તેમ જ કોઇ જાતનો ચિંતાભાર નથી હોતો, કોઈ કકળાટ ને ઉકળાટ નથી હોતો અને જ્યારે સંસારના કાદવથી અલિપ્ત રહી દેહથી પર બની યાને કે વિદેહી બનીને જે જીવે છે તેને સદાય સુખ-શાંતિ ને ચેન મળે છે.

આટલાથી સુખ તો મળે પણ ક્યારેક એ સુખ દુઃખમાં પણ ઉથલી પડવાનો સંભવ ખરો. અને આ સંભાવનાના ખ્યાલથી જ ગુરુદેવ ચોથી ટૂંકમાં 'માયા'ને લાવે છે. કારણ માયાના એક જ કટાક્ષથી અશુદ્ધ આવે છે, કંકાશ આવે છે ને દુઃખની વણઝાર પછી તો ચાલી આવી છે.

આથી જ કહે છે જ્યાં પ્રેમ નથી, તિરસ્કાર નથી, આવકાર નથી, અનાદર નથી, ઉપેક્ષા યે નથી અને ઉમળકોય નથી એવી અવિચળ મનની જ્યાં શાંતિ છે, ભવ્ય એવી વીતરાગતા જ્યાં છે ત્યાં કોઈ દુઃખ નથી, દર્દ નથી. આધિ નથી ઉપાધિ નથી. અને આ વીતરાગતાની એક નજર માત્ર જ પડતાં માયા નીચું મોઢું કરીને પલાયન થઇ જાય છે. જેથી માયાની પાછળ પાછળ ચાલ્યો આવતો પેલો શોક પણ તેની પાછળ જ ચાલ્યો જાય છે. અને જ્યારે પેલી ત્રણ ભુવનની શ્રીમંતાઈ હોય ત્યારે ગુલામી તો રહે જ ક્યાંથી ?

પણ આ અધ્યાત્મ દીવાળી નરી નજરે દેખાય નહિ. એ માટે તો આંતર્ચક્ષુ જોઇએ. આત્માનું ચિંતવન જોઇએ. માટે જ તો ગુરુદેવ પદને પૂરું કરતાં લખે છેઃ—

અનુભવથી સાચી દીવાળી,
એવી ચિત્ત સુહાય;
આવી દીવાળી કદી ન ટળતી,
મંગલમાલા થાય.
'બુદ્ધિસાગર' બોધે રે,
દીવાળી પરખાય છે.

★

# પ્રેમનો વારસ

લે: ધૂમકેતુ

**[ એક એવો છોકરો જનમ્યો, જન્મતાં જ મા મરી ગઈ! એ અનાથ બની ગયો. પણ સુભાગ્યે એને મુખી મળી ગયાં. એને બાપ મળ્યો. મુખીને દીકરો મળ્યો. પ...ણ...એક બીજી જ વ્યક્તિનું આગમન થયું અને આણંદનો આનંદ શોકમાં પલટાઇ ગયો. એણે ઘર છોડ્યું. માનેલો બાપ છોડયો. પરંતુ ન એ એક વસ્તુ છોડી શક્યો. એ શું માટે તમે આ વાર્તા જ વાંચી જાવ. —સં. ]**

**ગા**મના મુખી રામમોહનના ઘર પાસે એક વિધવા બાઈ રહેતી હતી. તેનો એકનો એક છોકરો માંદો પડ્યો. બાઈના મનની વ્યથાનો પાર નહિ. એને એમ થાય કે ભગવાન છોકરાને સાજો કરે ને પોતાને ઊપાડી લે તો સારૂં. પણ ભગવાન એની વિનંતી ઉપર ધ્યાન ન આપે તો છેવટે છોકરાની પહેલાં પોતે ઊપડી જાય તો પણ ઘણું. ગમે તેમ, અકસ્માત્ હોય કે પછી એના દિલની સાચી પ્રાર્થના ભગવાને સાંભળી હોય પણ એવું બન્યું કે એ વ્યથામાં એ પોતે માંદી પડી. અને ત્રણ જ દિવસમાં ઊપડી પણ ગઈ. છોકરો રોતો રહ્યો.

છોકરાનું હવે કોઇ મળે નહિ. મુખી રામમોહનને થયું કે ભગવાને જ એને આ છોકરો જાણે આપ્યો છે. પોતાને ત્યાં કોઇ છોકરું હતું નહિ. ઉંમર મોટી થઇ ગઇ હતી. એની વહુ ઝમકુડી તો હંમેશની માંદી રહેતી. એટલે રામમોહને છોકરાને સંભાળી લીધો. અને એને ત્યાં એ મોટો થવા માંડયો.

પણ એક વખત મધરાતે મુખી એ ડોશીના ઘરમાં ગયા હતા, ત્યાં થોડો વખત રોકાયા હતા. શું હતું એની કોઇને જાણ પડી નહીં.

પણ ત્યાર પછી મુખીની ઘર–અવસ્થા સુધરી હતી. તે જરાક ઠીક

રહેતા હતા. અને આણંદને બરાબર જાળવતા પણ હતા.

લોકો માનતા કે મુખી દયાળુ છે. અને મુખી દયાળુ હતા પણ ખરા. પણ ઉપરનો એક પ્રસંગ બન્યો ત્યાર પછી એમણે જાત-નિરીક્ષણ કર્યું હોત તો એમને ખબર પડત કે એમની હવેની દવા એક દિવસ એમને જ ભારે પડવાની છે.

ત્યાર પછી જોગાનુજોગ એવું થયું કે અત્યાર સુધી સંતાનવિહીન રહેલા મુખી સંતાન પામ્યા. ઝમકુડીનો પણ ખોળો ભરાણો ને એને ત્યાં દીકરો આવ્યો. પહેલા પાલક દીકરાનું નામ આણંદલાલ હતું એટલે આનું નામ પરમાણંદ રાખ્યું.

આણંદ-પરમાણંદ બન્ને મોટા થવા માંડયા. એમાંથી એકે જાણતા નથી કે તે સગા ભાઈઓ નથી, માત્ર મુખી અને તેની વહુ જાણે છે કે પરમાણંદ એમનો છે. ને આણંદ ગમે તેમ પણ પારકી થાપણ છે. અને એ સાથે મુખીના મનમાં ઊંડે ઊંડે એક બીજી વાત પણ ઊગી છે. એનો પૈસાનો વારસો પરમાણંદને મળે તો સારું પછી તો કાળાંતરે એમણે એ ગામ છોડી દીધું.

એટલે આણંદ-પરમાણંદની જોડી પાસે, કોઈ માણસ દૂરથી પણ, સગા ભાઈઓ નથી, એની સૂચના કરે તેવો સંભવ ઓછો થઈ ગયો. બંને સગા ભાઈઓ હોય તેમ જ ઊછર્યા.

પણ જ્યારે એ મોટા થયા, ત્યારે એમનામાં વારંવાર વિખવાદ જાગવા લાગ્યો. જે આણંદને ગમે, તે પરમાણંદને ગમે નહિ, એમ થવા માંડયું.

એમની વચ્ચે વિખવાદ વધતો ગયો. દરમ્યાનમાં રામમોહન પણ એકલો થઈ ગયો હતો. એટલે તો બન્ને ભાઈઓની તકરાર પણ એની પાસે આવવા માંડી. એનું મન ખાટું થઈ ગયું. એનામાં પણ જ્યારે સગા દીકરાને પાલક દીકરો મારે, ત્યારે તો એ બોલી શકે નહિ ને સહી શકે નહિ એવું થઈ ગયું.

એક દિવસની વાત છે. તે દિવસે રામમોહનને ભારે લાગી આવ્યું. ભૂખ જેવી નજીવી તકરારમાં પરમાણંદને આણંદે માર્યો. અને ઠીકઠીક માર્યો. પરમાણંદ બપોરથી સાંજ સુધી રોતો

**મહાવીર અને ગાંધીજી**

**ભગવાન મહાવીર અહિંસાના અવતાર હતા, તેમની પવિત્રતાએ સંસારને જિતી લીધો. જો મહાવીર સ્વામીનુ નામ આજે કોઈપણ સિદ્ધાંતને મોઢે પૂજાતું હોય તે અહિંસા છે. અહિંસા તત્ત્વનો જો કોઈએ અધિકમાં અધિક વિકાસ કર્યો હોય તો તે મહાવીર સ્વામીએ.**

—ગાંધીજી

રોનો બેઠો જ રહ્યો. તે દિવસે સાંજે તેણે ખાધું પણ નહિ. બેચાર વખત રામમોહન પોતે બોલાવવા ગયા. પણ તે ક્રોધમાં ને ક્રોધમાં મૂંગો બેઠો રહ્યો. છેવટે રામમોહને બહુ બહુ કહ્યું કે ગમે તેમ પણ તારો મોટો ભાઇ છે. ભાણાં ભેગાં હોય તો ખખડે, એમાં આટલું બધું મનમાં લાવવું ઠીક નથી, ત્યારે તે માંડ માંડ ઊઠ્યા ને જેમ તેમ બે કોળિયા ખાઇ લીધું.

પણ રામમોહનને ત્યારથી લાગ્યું કે આ સંઘ હવે કાશીએ પહોંચે તેમ નથી. માટે એમને દરેકને પોતપોતાની સોંપણુ કરી દેવી અને પોતે છૂટું થઈ રહેવું. થોડા દિવસ ગયા ને બન્ને ભાઈ પાછા લડયા ત્યારે તો રામમોહને ત્વરાથી નિર્ણય કરી લીધો. પણ એક કે બીજે બહાને એ સંપત્તિ વહેંચાણી નહિ. પૈસાનો વારસ સગો દીકરો એ ભાવ પલટાણો નહિ.

(૨)

થોડા દિવસ પછીની વાત છે. ગામમાં બધે શાંતિ હતી. મધરાત જામી ગઇ હતી. કૂતરાં પણ ભસતાં બંધ થઇ ગયાં હતાં. કેવળ એક આંબેની ...આમલી ઉપર એક ઘૂવડ બોલી રહ્યું ...તું. રામમોહન આવીને એ વખતે ...ણંદના સૂવાના ખંડ બહાર ઊભો ...ચો. એ આવ્યો હતો એને એમ ...વા, કે આ ઘરમાં તું આગંતુક છે.

અંદર એણે દૃષ્ટિ કરી. એક ઝાંખો દીવો બળતો હતો. ખૂણામાં આણંદલાલ ભરનિંદ્રામાં પડયો હતો.

રામમોહને એનું બાળપણ સાંભર્યું. એ અનાથ છોકરો પોતાની મા માટે કેટલું રડયો હતો? રામમોહનની આંખ ભીની થઇ ગઇ. એ પળે એ પાછો ફરી ગયો. એ પળ સચવાઇ ગઈ.

પણ એ એના ખંડમાં જઇને સૂતો ન સૂતો, ત્યાં એણે દૂર દૂર ઘૂવડને બોલતું સાંભળ્યું. પડખેના ખંડમાં કોઇ જાણે રડી રહ્યું હોય એવું એને લાગ્યું.

તે સફાળો બેઠો થયો. પાસેના ખંડમાં પોતાનો સગો દીકરો પરમાણંદ સૂતો હતો તે તેના તરફ ગયો. બારણા પાસે જઇને ઊભો રહ્યો. અંદર નજર કરી. બધે અંધારું હતું. પણ ત્યાંથી કોઈકનો રડવા જેવો અવાજ આવતો હતો.

તેણે અંદર જવા માટે પગ ઉપાડયો. એને સાંભરી આવ્યું કે આજે આણંદે; પરમાણંદને ભારે અન્યાય કર્યો હતો. એટલે પરમાણંદ આજે સૂતો નહિ હોય. તે ઉતાવળે આગળ ગયો.

ખાટલા પાસે જઇને એને જોયું તો પરમાણંદ માથે ઓઢીને સૂતો હતો. પણ વારંવાર ઊંઘમાં ને ઊંઘમાં જાણે સ્વપ્નમાં રડતો હતો!

એ જોઇને રામમોહનનું દિલ ભરાઈ આવ્યું. પોતે પોતાના જ સગા દીકરાને અન્યાય કરી રહ્યો હતો એવું એને

લાગ્યું. અને એટલામાં તો પરમાણંદે ઊંઘમાં જ બૂમ પાડીઃ 'એ મા! એ મા, માડી, આ આણંદિયો મને મારે!'

રામમોહન પરમાણંદના ખભા ઉપર હાથ મૂકીને તેને ઢંઢોળ્યો. પરમાણંદ! પરમાણંદ, બેટા, શું છે? કેમ રડે છે? શું છે, જાગ તો. જો હું તને બોલાવું!'

પરમાણંદ જાગ્યો. રામમોહને દીવો પ્રગટાવ્યો, પણ પરમાણંદનો ચહેરો જોઈને એ વ્યથિત થઈ ગયા. એ ચહેરો આંસુથી ખરડાયેલો હતો. પરમાણંદ ઊંઘમાં પણ પોતાની વ્યથા સાથે લઈને સૂતો હતો.

રામમોહને તરત જ કાંઈક નિશ્ચય કર્યો હોય તેમ પરમાણંદના ખભા ઉપર પ્રેમથી હાથ મૂક્યો.

'બેટા! તું કેમ રડે છે? તને એક નવી વાત કહું. ખરી રીતે, આ ઘર તારું છે. આણંદ તો ભાડૂત છે!'

પરમાણંદ કાંઈ સમજ્યો નહિ. તે પિતાની સામે જોઈ રહ્યો.

'સમજ્યો નહિ તું?' રામમોહન આગળ વધ્યોઃ 'મેં શું કહ્યું તને? પરમાણંદ! આ ઘરનો ખરો માલિક જ તું જ છે. તને આજે મારે એક વાત કરવાની છે. મારે ઘણા વખતથી એ કરવી હતી. તને ખબર નહિ હોય, પણ ખરી રીતે તું જ આ ઘરનો


ચાંદી શો ચમકાટ, હીરા શો ઝળકાટ,

કુસુમ સમ શણગાર, રમણી સમ ઝણકાર ???

હા, બા? એ....જ....એ....જ....

**વાઘ** છાપ વાસણો જ વાપરો.

GUARANTEED STAINLESS STEEL TIGER BRAND R.B. SHAH BOMBAY-2

**પનાલાલ બી. શાહ**

૨૧, કંસારા ચાલ, મુંબઈ ૨.

ખરો માલિક છે, તું ખરો પુત્ર છે. અને આણંદ એ તો કોઇકનો અનાથ-પુત્ર આપણે દયાથી ઉછેરીને મોટો કર્યો છે. કારણ કે એની મા મરી ગઈ હતી, એટલે એ અનાથ હતો, આપણે દયા આણી, એને મોટા કર્યો સમજ્યો...'

પરમાણંદ પિતાની સામે કુતૂહલ-તાથી જોઇ રહ્યો હતો. એને વાત નવી નવાઇની લાગી, પણ એની દૃષ્ટિ તરત જ પિતાના પાછળના ઉઘાડા બારણા ઉપર ચોંટી ગઇ.

પરમાણંદને ત્યાં પાછળ દૃષ્ટિ કરતો જોઇને રામમોહને પણ સફાળા પાછળ જોયું. તે ચોંકી ઊઠયો અને દૃષ્ટિ થંભી ગઈ. આણંદ ત્યાં આવીને ઊભો રહી ગયો હતો.

રામમોહન એક પળભર ક્ષોભ પામી ગયો. પણ એને થયું કે આણંદ ત્યાં કયારનો ઊભેલો હોવો જોઇએ, અને એને એણે પોતાની બધી વાત પણ સાંભળેલી હોવી જોઇએ.

એના ચહેરા ઉપરથી એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. રામમોહને તક તત્કાલ પકડી લેવામાં સાર જોયો. તે ઊભો થઈ ગયો. આગળ વધ્યો. આણંદ સામે આવીને ઊભો રહી ગયો. એનું દિલ ઘવાયું હતું.

'આણંદ! તેં આજે પરમાણંદને એવો અન્યાય કર્યો છે કે એને ઊંઘ આવી નથી. એ ઊંઘમાં રડતો હતો. પણ તને હું કહું છું તે તું સાંભળી લે. આજે કહી દઉં છું કે એ આ ઘરનો માલિક છે અને ખરી રીતે આંહી તું કાંઈ જ નથી. તને ખબર ન હોય. પણ તું કાંઇ નથી.'

'કાંઇ નથી? હું? આંહીં કાંઇ નથી?' આણંદ વ્યથાથી બોલી ઊઠયો. પણ તરત એ સમજી ગયો પોતે આગંતુક જ હતો.

'ના, તું કાંઈ નથી, તું મારો કાંઈ નથી. તને ખબર નથી. પણ તને તો મેં અનાથ જાણીને ઉછેરીને મોટો કર્યો છે, એટલું જ, એ મારો સગો દીકરો છે...તું કોઈ અનાથનો પુત્ર છે. મેં તને મોટો કર્યો છે.'

આણંદ એક પણ શબ્દ બોલી શકયો નહિ. તે વાતને તરત જ પામી ગયો. જાણે હવામાંથી જ સમજી ગયો. એના પગ નીચેની ધરતી સરી ગઈ હતી. તેને પોતાની ખરી અનાથતા આજે લાગી. તેની આંખોમાંથી આંસુ વહેવા માંડયાં. તે મૂંગો થઈ ગયો. એને એની માનો ચહેરો પણ યાદ ન હતો. એને હવે લાગ્યું કે એ ખરેખર અનાથ છે!

રામમોહને વધારે આકરા અવાજે એને કહ્યું.

'હવે જો તું પરમાણંદ ઉપર હાથ ઉપાડીશ, તો તારું સ્થાન પછી આંહીં નથી. આ તને કહી દીધું...'

સ્થાપના : ૧૯૨૫
ગ્રામ : 'મ્યુરકોમ'
ટેલિફોન : ૨૧૧૫૧૫

સ્કૂલ – કૉલેજ
તથા
સિનેમા થિયેટરના
અદ્યતન સ્ટેજ કર્ટન
આકર્ષણ પૂર્ણ રીતે બનાવરાવવા માટેનું
વિશ્વાસનીય મથક :–

| | |
|---|---|
| ફર્નીશીંગ | ઝારન્સ તેમજ<br>રેશમજ્યોર્જેટસ |
| ટેબલ મેનીન | નીનાન્સ અને સુતરાઉ<br>સાડીઓ |
| કારપેટસ | ડ્રેસ સ્કર્ટસ |
| બાથરૂમ લીનન | બ્લાઉઝ કાપડ |
| બેડલીનન | ....વગેરે— |

વ્યાજબી ભાવે મળશે.

# ચુનીલાલ મુલચંદ એન્ડ કું.

વોટરલુ મેન્શન, મેયો રોડ, મ્યુઝીયમ સામે, કોટ-મુંબઇ ૧.

આણુંદ બોલ્યા વિના જ પાછો ફરી ગયો.

પણ બીજે દિવસે સવારમાં રામમોહન એના ખંડમાં ગયો તો ખંડ આખો ખાલી પડયો હતો અને ત્યાં કોઈ હતું નહિ, ત્યાં કોઈ કહેતાં કોઈ હતું જ નહિ! એને શોધવાના પ્રયત્નો વ્યર્થ ગયા. રામમોહનના દિલમાં એમ થયું કે આપણે આપણું બનતું બધું કરી દીધું.

(૩)

આ વાતને તો વર્ષો વીતી ગયાં. પણ પરમાણંદે જ્યારે જોયું કે પોતે એકલો જ આંહીં રહ્યો છે, ત્યારે એનામાં માલિકીભાન વધુ તીવ્ર બન્યું. પછી તો એ પલટાઈ પણ ગયો. એ કાંઈક ઉડાઉ ને કડવો થતો ગયો. એણે રામમોહનની મૂડી તો સાફ કરી નાખીઃ પણ પછી તો ડોસાની પાસે હજી બીજી માયામૂડી ક્યાંક સંતાડેલી પડી હશે, એમ એને લાગવા માંડયું. એને એ સતાવવા પણ માંડયો.

રામમોહન હવે દિવસમાં દસ વખત આણુંદને સંભારતો. પણ આણુંદ તો ગયો તે ગયો. તે પછી, ન તો એનો પત્તો લાગ્યો, ન એનો કોઈ પત્ર મળ્યો. ન કાંઈ સમાચાર આવ્યા. જાણે કે એને ધરતી જ ગળી ગઈ એમ એ અલોપ થઈ ગયો. રામમોહન એને સંભારતો. ઘણી વખત હવે સંભારતો. પણ હવે એનો ક્યાંય પત્તો ન હતો.

રામમોહનને એક વખત એવું લાગી આવ્યું કે એને એમ થયું કે પોતે પોતાનું સ્વમાન ગુમાવીને, હવે સગો દીકરો છે એ મોહથી પડયો રહે છે. એમાં નથી એની મહત્તા, તથા એના જીવન-અંતની સુધારણા. એનાં કરતાં તો જીવનના છેલ્લા દિવસોમાં કોઈના આધાર વિના રખડતો રહે, તો બીજું કાંઈ નહિ, જીવનમાં જે કોઈ દિવસ એને મળ્યું ન હતું તે તો એને મળે. એને ખાતરી થાય કે માણસો ભલે ગમે તેવા નપાવટ દેખાતા હોય પણ માણસાઈ વિનાની ધરતી બની શકતી નથી. એને ડગલે ને પગલે માણસાઈ જોવા મળે—જો એ રખડતો થાય તો. અને બીજું કાંઈ નહિ, છેલ્લા દિવસોમાં આ માણસાઈ

---

**મહાવીર અને ટીળક.**

**ચોવીસ તીર્થંકરોમાં મહાવીર અંતિમ તીર્થંકર હતા. તેમણે જૈન ધર્મને પુનઃ પ્રકાશમાં આણ્યો. અહિંસા ધર્મ વ્યાપક બન્યો. આજકાલ યજ્ઞોમાં પશુ હિંસા થતી નથી. બ્રાહ્મણ અને હિંદુ ધર્મમાં માંસ ભક્ષણ અને મદિરાપાન બંધ થઈ ગયાં છે. તે આ જૈન ધર્મનો પ્રભાવ છે.**

—લોકમાન્ય ટીળક.

---

ભરેલી મધુરતા સાથે, એ દુનિયાની વિદાય લઈ લે! આવી જ્ઞાનવાણી હવે એને સંભળાવા માંડી.

રામમોહન આ અનુભવ લેવા માટે એક દિવસ વહેલી સવારે ચાલી નીકળ્યો પણ એના મનમાં આણંદલાલ રમતો હતો. એને હતું કે એ ક્યાંક વખતે મળી જશે તો પોતે એને મળીને એને કરેલા અન્યાયનું પ્રાયશ્ચિત કરશે. એક ગામ એક રાત રહે, ને પછી આગળ ચાલે. નવી ધરતી, નવાં પાણી, નવી માનવતા, જોતો જાય ને ચાલ્યો જાય. એને જીવનનો એક નવો જ અનુભવ એમાંથી મળ્યો. કોઈ દિવસ એ ક્યાંય ભૂખે મર્યો નહિ. એને લાગ્યું કે એ માત્ર આ દેશની હવામાં જ શક્ય હતું. અને એ આ દેશની જેવી તેવી પરંપરા ન હતી. ફરતો ફરતો જેમ ઠીક પડે તેમ ચાલતો રહ્યો. એને લાગ્યું કે હિમાચલ જનારા પાંડવો, ડાહ્યામાં ડાહ્યા માનવો હતા. જીવન જ્યારે ઉપયોગી કામ કરતું બંધ થાય ત્યારે એને ખીલે બાંધી રાખવું એ જડતા હતી.

એમ એ ચાલી રહ્યો હતો, ત્યાં એક દિવસ એક શહેરમાં એક આલિશાન મકાન જોયું. એટલું સુંદર હતું કે એના પગ ત્યાં સહેજ જ થંભી ગયા. એને લાગ્યું કે આવું મકાન એણે કોઈ દિવસ જોયું જ નહિ હોય.

એનો માલિક ગમે તે હો, પણ આંહીં એક વસ્તુનું પ્રત્યક્ષ દર્શન થતું હતું. લક્ષ્મીનું દેવી તરીકેનું દર્શન એણે આંહીં પહેલવહેલું જોયું. લક્ષ્મી ઘણે ઠેકાણે હતી, પણ દેવીરૂપે તો આંહીં જ હતી. એ દર્શને એ ત્યાંથી ખસી શક્યો નહિ.

નૂતનવર્ષના સુપ્રભાતે અમારી શુભ કામનાઓ

ચશ્માની જરૂરીયાત એટલે—

**મનસુખલાલ એન્ડ કું.**

૩૫૬, કાલબાદેવીરોડ, મુંબઈ ૨.

ફોન : ૨૯૫૦૩



આંખના નિષ્ણાંત ડોકટરની મફત તપાસ સાંજે ૫ થી ૭

તે ત્યાં દરવાજામાં ઘડીભર ઊભો રહી ગયો.

પણ એ એમ ઊભો હતો ત્યાં એને કોઇકે દીઠો હોય કે ગમે તેમ પણ કોઇક એને બોલાવવા માટે આવી રહ્યું હતું.

રામમોહનને આ અનુભવ પણ નવો થયો. આવે સ્થળે તો કોઇ ખરી રીતે પેસવા દે નહિ. આંહીં કોઇ એને બોલાવવા આવતું હતું !

એ એમ વિચાર કરતો હતો ત્યાં તો એક માણસે આવીને એને કહ્યું: "તમને ઘરના માલિક બોલાવે છે." એને ઘણી નવાઇ લાગી.

તે માણસની પાછળ પાછળ અંદર ગયો. ત્યાં ઠેકાણે ઠેકાણે એણે વૈભવ જોયો. એને નવાઈ એ વાતની લાગી કે ઢંગધડા વિનાની લક્ષ્મી તો એણે ઘણે ઠેકાણે જોઈ હતી. પણ આ એક જ સ્થળ એવું હતું, જ્યાં એણે એને ખરેખર દેવી સ્વરૂપમાં દીઠી ! એને લાગ્યું કે આ આલિશાન મકાનનો માલિક ખરો લક્ષ્મીપતિ હતો.

નોકરોમાં ત્યાં એવો કૃત્રિમ વિવેક ન જોયો. કયાંય આછકલાઈ ન દીઠી. કયાંય ભભકો નજરે ન મળ્યો. તે આગળને આગળ જઈ રહ્યો હતો. ને બધે એને લક્ષ્મી દેવીરૂપે દેખાતી હતી.

અંદરના એક ખંડમાં એને બેસવાનું કહીને નોકર ગયો. તે નવાઈ પામતો હતો કે આ પ્રમાણે એને દૂરથી ઓળખી લેનારો કોણ હોઇ શકે ?

પણ હજી જ્યાં એ વિચાર કરતો હતો ત્યાં જ એણે પોતાની સામે હાથ જોડીને ઘરના માલિકને ઊભેલો જોયો.

હવે તો એ ખરેખર નવાઇ પામી ગયો. એટલામાં પેલા માલિકે જ એને પૂછ્યું: 'મને ઓળખ્યો હું આણંદલાલ !

'હેં...આણંદલાલ ?' રામમોહન આભો બની ગયો. તે શરમાઇ પણ ગયો. અરે, પણ તમે તો ભાઇ આંહીં કયાંથી ? અને આ બધું શું છે ? આ તમે કયારે મેળવ્યું ? તમે તો બહુ જમાવટ કરી છે ! આ બધું તમે...'

આણંદલાલ શાંતિથી બોલ્યો : 'તમારી પાસેથી નીકળીને હું ઘણું રખડયો. એમાં મને એક નવી-નવાઇનો અનુભવ મળ્યો છે તે તમને કહું, તો આનું રહસ્ય તમને મળશે.'

'શું ?'

'જેમ વિદ્યાની કુદરતી શકિત હોય છે, સંગીતની શકિત જેમ નૈસર્ગિક ગણાય છે, ચિત્રકલા કુદરત આપે છે, પણ મને જીવનમાં આ સત્ય સમજાયું છે કે, એ જ પ્રમાણે લક્ષ્મી, એ પણ એવી જ કુદરતી એક ભેટ છે !'

'પણ ત્યારે લક્ષ્મીવાનોના પ્રયત્નો લક્ષ્મી લાવે છે એ બધું ખોટું !'

'એ બધી ફીફાં ખાંડવા જેવી વાત છે. મારા જીવનનો આ અનુભવ છે.

## શ્રી શાન્તિચંદ્ર સેવાસમાજ—અમદાવાદની

# નમ્ર અપીલ

મહા ગુજરાતના પાટનગર સમા જૈનોના પૂનિત ધામ અમદાવાદમાં
૩૬ વર્ષ થયા જે સંસ્થાની અજોડ સેવા જાણીતી છે.
પ્રત્યેક ગામોના શ્રી સંઘો, ઉપાશ્રયોના વહીવટદારો તેમજ જૈન
સમાજના સુખી-શ્રીમંતો પોતાનો ઉદાર હાથ લંબાવે.

**નીચેના સેવાકાર્યોમાં નાણાંની ખૂબ જરૂરિયાત છે.**

(૧) સાધર્મિક ઉત્કર્ષ ફંડ
(૨) અનુકંપા ફંડ—દિન અનાથોને મદદ.
(૩) મુંગા જીવોને અભયદાન
(૪) મેડીકલ કેન્દ્રોના નિભાવ માટે દવાઓ તેમજ મેડીકલ સાધનો.
(૫) પૂ૦ સાધુ-સાધ્વી ભક્તિ ખાતું.
(૬) સંસ્થાના નિભાવ ખાતે.
(૭) સંસ્થાનું મકાન ઉભું કરવા બંડોળ ખાતે.

**મકાન ફંડની યોજના.**

રૂા. ૫૦૦૧) આપનાર દાતારનું મકાનમાં તૈલચિત્ર મુકાશે.
રૂા. ૧૦૦૧) સુધી આપનાર દાતારના નામો આરસના શિલાલેખમાં લખાશે.

**"સાધર્મિના સગપણ સમું અવર ન સગપણ કોઈ"**

**સાધર્મિકોના ઉત્કર્ષ કાર્યમાં ઉદારતાથી ફાળો મોકલી આપો.**

સંસ્થાએ સાતમો રીપોર્ટ સં. ૨૦૧૨ થી સં. ૨૦૧૭ સુધીનો તાજેતરમાં પ્રગટ કર્યો છે, દાતારો અને પૂ૦ મુનિવરો ઉપર મોકલી આપ્યો છે. રીપોર્ટ જાણવા ઇચ્છતા સૌ કોઈ પત્રથી જણાવશે તો મોકલી આપીશું. પર્યુષણમાં થયેલ બંડોળમાંથી સારી રકમ આ સંસ્થાને મોકલી આપશોજી.

લિ૦ મંત્રી, શાન્તિલાલ જગાભાઇ શાહ

—: મદદની રકમ નીચેના સરનામે મોકલવી :—

**શ્રી શાન્તિચંદ્ર સેવાસમાજ**

પ્રમુખ : જમનાદાસ સુરજમલ,
C/o યુનીવર્સલ ઇન્સ્યુરન્સ કું. ગાંધીરોડ ફેતાસા પોળ સામે
પોષ્ટ ઓફીસની બાજુમાં—અમદાવાદ

લક્ષ્મી કુદરતી ભેટ છે, અને એટલા માટે જે એને કુદરતી ભેટ તરીકે નથી રાખતો, તે ભિખારીનો ભિખારી છે. વાપરવા માટે નૈસર્ગિક પ્રેરણા માણસને મળવી જોઇએ. જેને એ નથી મળતી, મૂરખ છે. પણ જે કેવળ પોતાના જ ઉપયોગ માટે એને વાપરે છે, એ વળી વધારે મોટો મૂરખ છે...'

રામમોહન તો એની આ વાણી સાંભળીને છક્ક થઈ ગયોઃ 'પણ આણંદલાલ ! ભાઈ! આ તો ન મનાય તેવી વાત છે...'

'હું પણ પહેલાં નહોતો માનતો. હવે માનતો થયો છું. આ એક કુદરતી શક્તિ જ છે. ઠીક, પણ એ તો જે હોય તે, હવે તમારી વાત કરો. બોલો, પરમાણંદ શું કરે છે? અને તમે કેમ આમ નીકળી પડયા છો એ વાત કરો.'

'પરમાણંદ હવે ભિખારીમાં ભિખારી જેવો છે !'

'બસ, ત્યારે એ જ અનુભવ કહે છે કે માણસને લક્ષ્મીની પણ કુદરતી શક્તિ વરી હોય છે. તો તમે હવે આંહીં રહો.'

'પણ મેં તમારું અપમાન કર્યું તમને અન્યાય કર્યો. તમને ન કહેવાનું કહ્યું...'

'જુઓ, એક બીજી વાત કહું. કોઈ કોઇનો અન્યાય કરી શકતું જ નથી. આ તમે જે લક્ષ્મી જુઓ છો તે હું પામ્યો નથી. એ આવી છે. પણ જો તમે મારું અપમાન ન કર્યું હોત તો–હું આ કયાંથી મેળવવાનો હતો? કોને ખબર છે, તમે આ રીતે મને આગળ વધાર્યો. કેટલીક વખત કુદરત માણસ માટેનો કયે રસ્તે રસ્તો કરશે, તે કહી શકાતું જ નથી. તમે મને કાઢયો ત્યારે મારા મનમાં પહેલો વિચાર એ આવ્યો હતો કે વેર લેવું–એ એક પળ હતી. પણ પછી બીજો વિચાર આવ્યો–હું પણ બતાવી દઉં–મારી કમાણી કરીને. આ બીજી પળ હતી. એવી જ મૂલ્યવાન. એ બીજી પળે મને બચાવી લીધો. આપણું જીવન એક એક પળનું છે. આ લક્ષ્મીમાં મેં જોયું કે એક પળનો નિર્ણય મને ધનવાન બનાવી દેતો હતો. સંગીતજ્ઞોના તાન આલાપમાં મેં જોયું છે કે એક પળે સ્વર્ગ ખડું થઈ જાય છે. વૈજ્ઞાનિકો એક પળે સત્ય મેળવી જાય છે. ગમે તેટલા પ્રયત્ન છતાં એ એક પળ આવશે કે નહીં આવે તે કોઇ કહી શકતું નથી. એનું નામ ભાગ્ય. એનું જ નામ ઇશ્વરકૃપા. એનું જ નામ અક-સ્માત. એનું જ નામ જીવન. જીવન શું છે? કોઇ કહી શકે છે?'

'ના !' રામમોહન બોલ્યો.

'ત્યારે, આ હું પામ્યો એ કાંઇજ નથી. એ તો કાલે હવે જાય તોપણ

કાંઈ નથી. પણ એ પુરુષાર્થ કરવા જતાં, મને જે અનુભવ મળ્યો, એ અનુભવ જ જીવન સર્વસ્વ છે. એ અનુભવનો હું બન્યો છું. એ અનુભવ વિના તો હું ખાલી ખોખું છું ફરી-ફરીને એ અનુભવતો હું બનતો રહેવાનો છું એ મારું સત્ત્વ છે. એ જ મારી ભૂમિકા છે, એ જ જીવન છે. આ બધું તો મને શું આપવાનું હતું? મોટી વાત અનુભવની છે. તમે મને કાંઈ જ ન કહ્યું હોત, તો અમે હજી બન્ને ભાઈઓ ઝગડતા હોત. તમે મને કહ્યું તે એક પળે મને બચાવી લીધો. તે પછી મેં નિર્ણય કર્યો. તેણે


# ગૌરક્ષા સંસ્થા—પાલીતાણા

**ગૌનિર્વાહ ગૌસંવર્ધન અને જીવદયાનું કાર્ય કરતી એક માત્ર સંસ્થા**

પાલીતાણામાં પાંસઠ વર્ષથી ગૌનિર્વાહ, ગૌસંવર્ધન અને જીવદયાનું કાર્ય કરતી આ ગૌરક્ષા સંસ્થા એક માત્ર સંસ્થા છે સંસ્થાનો ઉદ્દેશ સ્થાનિક તથા ગામડાંઓના અશક્ત, માંદા, લૂલા, આંધળા અને ત્યજાએલાં તેમ જ ડુંગરના ખીણોમાં પડી ગએલાં રખડતા, અને રખડતી ગાયો, વાછરૂ, બળદો વગેરેને આ સંસ્થામાં દાખલ કરી તેનું પાલન–પોષણ અને રક્ષણ કરવું. તથા તેવા બીજા જીવદયાના કાર્યો કરવા તે છે.

આ ઉપરાંત સરકારી મદદથી ગૌસંવર્ધન વિભાગ ચાલુ છે જેમાં સારી ગાયો, ઉછેરના ધણખૂંટ તથા ઉછરતા વાછરડા તૈયાર કરી ખેડૂતો તથા ગ્રામ પંચાયતોને આપવામાં આવે છે. સ્થાનિક તથા ડુંગરની ધારોમાં પાણીના પાવાની સગવડ કરવામાં આવે છે. ખેતી વિભાગ પણ ચાલુ છે

સંસ્થા પાસે કોઇ સ્થાયી ફંડ નથી. દાનવીરોના દાનથી સંસ્થા કામ કરે છે અને ટકી છે. ચાલુ વર્ષમાં અનાવૃષ્ટિ કારણે ભારે આફત છતાંય દાનવીરો તથા સરકારી સહાયથી સંસ્થા ઉગરી ગઇ છે.

ચાલુ વર્ષમાં લીલું તથા સુકું ઘાસ રૂા. સત્તર હજારનું લઇને જાનવરોને નિભાવ્યાં છે. અત્યારે ૧૭૪ ગોવંશના જાનવરો છે.

તો આવી સંસ્થા જે જીવદયા અને ગૌનિર્વાહનું કામ કરે છે તેને સહાય કરવાની આથી સઘળા ગોપ્રેમીઓને, તથા જીવદયા પ્રેમીઓને ખાસ વિનંતિ કરીએ છીએ.

**લિ૦ જીવરાજ કરમસી શાહ**

**રમણીકલાલ ગોપાળજી કપાસી**

માનદ્ મંત્રીઓ.

ગૌરક્ષા સંસ્થા
**પાલીતાણા.**

મને નવો માનવી બનાવ્યો. આમ પળ પળની ગણતરીમાં જ જીવનની મહત્તા છે. જીવન કોઈ દિવસ વર્ષોમાં જીવાતું જ નથી. એ જીવાય છે જ પળોમાં.'

રામમોહન તો આણંદલાલની આ જીવનકથા જાણીને ભારે આશ્ચર્ય પામી ગયો. એને થયું કે હું પરમાણંદ માટે આજે કાંઈક કહું એ પણ હવે ક્ષુલ્લક છે. ને તરત એને સાંભર્યું કે આણંદલાલની વાત જ સાચી હતી કોઈ પણ પોતાના જાત અનુભવ વિના જીવતો નથી. વર્ષો તો ગમે તે કાઢે એમાં શું? વર્ષો તો આવ્યા જ કરે!

તેણે કહ્યું, 'આણંદલાલ! મેં તારો હક્ક તને ન આપ્યો, તેનો મારા મનમાં પસ્તાવો થાય છે.'

“ત્હારી ઇચ્છા પૂર્ણ કરવા આજે સાંજે ત્હારે ત્યાં એક શ્વેતરંગી ગાય આવશે. તે ગાયનું દૂધ દોહી તેના ઘડા ભરી લેજે, તે ઘડા બીજે દિવસે સુવર્ણ બની જશે. બસ!”

દેવી અદૃશ્ય થઇ ગઇ. દેવી વચનો પર વિચારણા કરતો કમદી પણ સાંજ પડવાની રાહ જોતો ઘરમાંજ બેઠો.

અવકાશમાંથી પડઘો પડે છે.

"બોલ મહાનુભાવ! આ દૂધ વડે તારી ઈચ્છા પુરી થઇ જશે હવે કોઇ બીજી મનોકામના છે?"

મનમાં શ્રદ્ધા છે. વિશ્વાસ છે. નમતા પહોરે બજારમાં જઇ તે ઉત્તમ જાતિના માટીના ઘડા દૂધ ભરવા માટે ખરીદી લાવ્યો.

સૂર્યનારાયણ અસ્તાચળે પ્રયાણ કરી રહ્યા છે. જગતના જીવો દિવસભરનો શ્રમ હરવા ઘર ભણી ડગ માંડી રહ્યા છે. ધણા ગામ ભણી વળી રહ્યાં છે. પક્ષીઓ કિલ્લોલતાં માળા ભણી ઉડી રહ્યાં છે.

ગાયો પોત પોતાના પાલકના ઘેર નિત્ય નિયમે જઇ રહી છે તિર્યંચજીવ હોવા છતાં પણ સ્મરણ શકિત અને નિમકહલાલ પણું તેમાં પ્રાધાન્ય ભોગવે છે.

ટોળામાંની એક સુંદર ગાય કમદીના ઘર તરફ વળે છે. સુંદર નાજુક શીંગડાંવાળી સફેદ વર્ણની આ ગાય રોજનું પોતાનું રહેઠાણુજ ન હોય તેમ કમદીના આંગણામાં આવીને ઉભી રહે છે.

કમદી દેવીના વચનો પર રાહ જોતોજ બેઠો છે. ગાયને જોતાંજ હર્ષઘેલો તે તેની પાસે આવી આદરમાન સહ ચરણે નમે છે. ગાયનું પૂજન કરી દેવી વચનાનુસાર તેને દોહીને દૂધના એકવીસ ઘડા ભરી દે છે. એને સંતોષ થાય છે.

ગૌમાતા દેવી પ્રયાસથી આવેલ હોઇ તરતજ અદૃશ્ય થાય છે.

આકાશમાંથી પડઘો પડે છે.

"બોલ મહાનુભાવ? આ દૂધ વડે તારી ઇચ્છા પુરી થઇ જશે હવે કોઇ બીજી મનોકામના છે?"

"માતાજી! આ ધન પ્રાપ્તિ કરાવનાર ધર્મની પ્રભાવના સારા શહેરમાં થાય તેવી મારી ઇચ્છા છે તો આ કામધેનું ગાયના ઉત્તમોત્તમ દૂધની ખીરનું ભોજન સમસ્ત ગામને જમાડી કૃતાર્થ બનું તો ઘણા માણસો આસ્તિક બની શકે."

"તથાસ્તુ! તારી ઇચ્છા હોય ત્યારે મ્હારા નામનું સ્મરણ કરી ભકતામ્બર સ્તોત્રનો પાઠ કરજે. તારી માંગણી

---

### વીર તપસ્વી

**ભગવાન મહાવીરે પૂરા બાર વરસના તપ અને ત્યાગ પછી અહિંસાનો સંદેશ આપ્યો. હરેક ઘરમાં યજ્ઞ થતા હતા. જો તેમણે અહિંસાનો સંદેશ ન આપ્યો હોત તો આજ હિંદુસ્તાનમાં અહિંસાનું નામ પણ લેવાત નહિ.—**

**ધર્માનંદ કૌસંબી**

---

પૂરી કરીશ.” દેવી અંતર્ધ્યાન થઇ.

ઘરમાં મૂકેલા ઘડા બીજે દિવસે સુવર્ણમય બની ગયા.

ગઈ કાલનો ગરીબ-દારિન્દ્રી કમદી આજે શ્રીમંત-ધનિક કમદી શેઠ બની ગયો. જોયો ધર્મનો પ્રભાવ!

ગઈ કાલ સુધી કોઇ સામે પણ જોતું ન હતું. આજે શેઠના ઘેર પાણી કહેતા દૂધ હાજર થાય છે. માનવગણ ઉભરાઇ રહ્યું છે કમદી શેઠની મહેરબાની મેળવવા.

અણહિલપુરના મહારાજાના કાને ઊડતી વાત આવે છે, આવા પૂણ્યશાલી આત્માના દર્શન કરવા મહારાજા પગે ચાલીને સામા આવે છે.

કમદી શેઠ માન સહ મહારાજાને સત્કારે છે. એકાદ બે પ્રહર સુધી ધર્માલાપ કરતાં છૂટા પડે છે. ખુશી થયેલ રાજા તેમને નગરશેઠની માનવંતી પદવી આપતાં ગૌરવ અનુભવે છે.

અવસર જાણ કમદી શેઠ રાજા સહ સમસ્ત ગામને જમવાનું આમંત્રણ આપે છે.

યથા સમયે દેવી આરાધના કરતાં દેવી કામધેનુ ગાય રૂપે કમદીને ત્યાં હાજર થાય છે. અને તેના દૂધની ખીર સાથે સાથે અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન સામગ્રી તૈયાર થઇ જાય છે.

નગરજનો જમવા પધારે છે. ત્યારે આ દિવ્ય રસોઇનો રસાસ્વાદ માણતા મોંમાં આંગળાં નાખી જાય છે સૌને આત્મ સંતોષ થાય છે. ધર્મ ભાવનાનો પ્રભાવ સર્વત્ર ફેલાય છે.

પોતાને મળેલ લક્ષ્મી પાછળ ઘેલા બની જીવન વેડફી દેવાનું કમદી શીખ્યો નથી. આ લક્ષ્મી તે વિદ્યા દાન સુપાત્ર દાન નિરાશ્રિતોને સહાય અને સાધર્મિક ભાઇઓના દુઃખ દૂર્ભાગ્ય દૂર કરવા પાછળ મંડયો રહે છે. અને અનેક પરોપકારનાં કાર્ય કરતાં પોતાનું જીવન સાફલ્ય કરે છે.

તૃષ્ણાનો ત્યાગ કરતાં શાંતિમય જીવન જીવી જાય છે.

ભકતામ્બર સ્તોત્રનો મહિમા સારા શહેરમાં વિસ્તરે છે ઘેર ઘેર નાસ્તિકજનો જૈન ધર્મના અનુરાગી બની ભકતામ્બર સ્તોત્રના ગુંજારવ કરતાં ધર્મરંગે રંગાય છે.

દિગતમાં મંત્ર પ્રભાવના પડઘા પડે છે. જૈન શાસનનો જયધ્વનિ સંભળાય છે.

# આતમ જાગે છે!

લેખક
શ્રી ચિન્તામણિ પારેખ

[ માનવી છે. અને ઠોકર પણ ખાય. પણ જ્યારે એ જ માનવી ઠોકર ખાઈને પડી જાય છે ત્યારે એ માનવીના રૂપ–રંગ બધું જ બદલી જાય છે. એવા જ એક બદલાયેલા માનવની હૃદયગમ વાર્તા.—સં.]

નમસ્તે ભાઈ! કેટલાય દિવસથી આવું આવું કરતો હતો પણ પગ જરા ભારે થયો હતો એટલે આવી શકતો નહોતો પણ આવ્યા વગર મારા દિલને શાતા વળે તેમ નહોતું. જિંદગીની કેટલીક પળો એવી આવે છે જેને અમુલ્ય ગણે જ છૂટકો થાય.

આવનાર મોરારી ઘરમાં પગ મૂકતાં જ આટલું બોલી ગયો. મહેસ એના સામે જોઈ રહ્યો હતો. કોઈ પરિચય મળતો નહોતો. કંઈ યાદ આવતું નહતું. ક્યારે આમને જોયા છે તે પણ ભૂલી ગયો હતો. એકીટસે મોરારી સામે જોઇ રહેલા મહેશને જ્યારે ફરીથી મોરારીએ પોતાનો પરિચય આપવા માંડયો ત્યારેજ ખ્યાલ આવવા માંડયો કે આને ક્યાંક જોયેલ છે.

મને ન ઓળખ્યો...! હું મોરારી... આ ગલીના નાકા ઉપરથી એક દિવસ મને તમો એમ્બ્યુલન્સમાં હોસ્પીટલમાં લઈ ગયા હતા. વખતસર હોસ્પીટલમાં મને ન પહોંચાડયો હોત તો અત્યારે આપની સામે આવવાનું સદ્ભાગ્ય મને મળત ખરૂં...અરે......ભગવાનના દરબારમાં ભરતી થઈ ગયો હોત ખરૂં ને?

અને હા...હું મારી રામ કહાણીમાં ડૂબી ગયો. આપને ફરીથી નમસ્કાર કરવાનું તો ભૂલી ગયો એમ કહેતા મોરારી ખરેખર મહેશના પગમાં માથું નમાવી ગયો.

સંકોચ સાથે મહેશે પગ પાછા ખેંચતાં જ મોરારીએ પગની પકડ ઢીલી નજ કરી. આંસુના અભિષેકથી મહેશની પાની ભીની થઈ ગઈ. કેમ જાણે પ્રશ્ચાતાપના આસું ન હોય—અને હતા જ—જ્યારે મોરારીએ પગની પકડ ઢીલી કરી ત્યારે જાણે ગંગાસ્નાન કર્યા પછીની સ્ફૂર્તિ એનામાં આવી ગઇ હતી.

ભાઇ આમ ગળગળા ના થાવ. મારું કર્તવ્ય મેં બજાવ્યું હતું. એમાં મેં કોઈ ઉપકાર તો કર્યો નહોતો. માનવીની માનવતા સિવાય એમાં બીજ

કંઈ જ નહોતું. માણુસ માણુસના કામમાં ન આવે તો શું......

હાં, પરંતુ માણુસ માણુસને માથે પગ દઈ ચાલનારા પણ આ જગતમાં ક્યાં ઓછા છે. મોરારીએ નફરત બતાવી.

જગતમાં દરેક મનુષ્ય સરખા નથી હોતા. એ કેમ ભૂલી જાવ છો. મહેશે નરમાશ બતાવી.

એ વાત સાચી. જુઓને મારી જ વાત કરૂં. હું પણ એક દિવસ આજ ગલીના નાકે કેટલાયને હેરાન કરતો. ગલીના કોઇ પણ સારા માણસ મારી સાથે વાત કરવામાં તો શું પણ મારી સામે જોવામાં પણ પાપ માનતા હતા. જો કે ખરેખર વાંક એમનો નહોતો મારો જ હતો. હું પણ કેવો હતો નફ્ફટો, દારૂડીયો, મવાલી, ચોર અને દુનિયાના બધા જ દુર્ગુણનો જાણે કે સંગ્રહસ્થાન જેવો.

હું આવો કેમ બની ગયો એ તો મને યાદ નથી પણ એટલું ચોક્કસ યાદ છે કે પેલા દાણાવાળા ટપુશેઠની નોકરીમાંથી રજા મળ્યા પછી જ હું આખી દુનિયાને ચોર, ઠગારી, જૂઠી, બદમાશ સમજતો થઈ ગયો.

ટપુશેઠની વાત કરો છો? પેલા દાણાવાળા? એ તો ઘણાજ સારા માણસ છે. ધર્મધ્યાનમાં આખો દિવસ બેઠા હોય છે. દાન-ધરમ પણ ઘણું કરે છે. મહેશે ટપુશેઠનો બચાવ કર્યો.

હા.. એ...જ. ટપુશેઠને તમો બરાબર ઓળખતા હો તેમ લાગતું નથી. એ તો જેટલા બહાર છે એટલા જ અંદર હતા. આજે હાથમાં માળા લઇને બેસનારા ટપુશેઠ એક દિવસ મારાથીય દોઢા બદમાસ હતા.

મૂળ તો એ મારા ગામના, એટલે સારી રીતે જાણું.

નાનપણમાં મારા માબાપ ગુજરી ગયેલા અને કાકાને ત્યાં ઉછરતો, ભણતર તો નાના ગામમાં ક્યાંથી હોય માંડ ચાર ગુજરાતી ભણ્યો ના ભણ્યો ત્યાં કાકાએ ટપુશેઠને ત્યાં ભલામણ કરી દાણાની દુકાને રખાવી દીધો. ગામથી હું મુંબઇ શહેરમાં આવી પડ્યો.

બાળપણ અને રમતીયાળ જીવ એટલે જેટલું કહે એટલું કરતો. પણ ક્યારેક ગલીમાં છોકરા રમતા હોય ત્યારે ઘરાકોને ત્યાં માલસામાન મૂકવા જતો અને આવતાં છોકરાઓ જોડે રમવા લાગી જતો; ત્યાં ટપુશેઠનો ઘાંટો સંભળાતો અને રમત મૂકીને ઊભી બજારે દોડતો દુકાનમાં ભરાઈ જતો. બેચાર અડબોટ પડતી અને રોતો રોતો પાછો કામે લાગી જતો. આમ કરતાં વર્ષો વિત્યા. દુકાનના કામથી પરવારતો અને ઘરે જતો ત્યાં પણ ઊજમકાકી કંઇક ને કંઇક કામ કાઢતી, કાંઈ નહિ તો છોકરા રમાડવાના તો હોયજ. છતાં દુકાન કરતા ઘરનું કામ કરવામાં મઝા

પડતી કારણ ઘરના છોકરા જોડે થોડું રમવા તો મળતું જ અને ખોટું શું કામ કહું ઉજમ કાકી મને એમના છોકરા જેમ જ મને રાખતી. વખતસર ખાવા મળતું. કયારેક ટપુશેઠ અકળાતા તો કાકી મારો બચાવ કરતી—કે આટલા નાના જીવ પાસે શું કામ આટલું વૈતરું કરાવતા હશો! ભગવાન રાજી ના થાય હોં...અને ટપુશેઠ ગરમ થતાં દુકાન ભેગા થઈ જતાં અને એટલે જ કયારેક ટપુશેઠનું કાંઈ નુકસાન થયું હોય ત્યારે કાકી પાસે સીધો દોડી જતો અને બધી હકીકત કહી દેતો એટલે જાણે અભય બની જતો. આમ ઘરને ગામ તો ભૂલાય ગયા હતા.....

કિશોરવય વીતી અને જ્યારે પહેલી વખત દાઢીની હજામત બનાવી ત્યારે પણ હું તો હજુ નાનો જ હતો. કારણ દુકાન અને ઘર એ સિવાય મારી કોઇ દુનિયા નહોતી હા, કયારે સીનેમા જોવા મળતી પણ એ તો કોઇ તહેવાર આવે .....દુકાન બંધ હોય અને ઉજમ કાકી કોઈ દેવપૂજાનું પિકચર હોય ત્યારે જોવા જાય અને ભાઇનો નંબર લાગી જતો ત્યારે જ બનતું.

હા......હું તો આડી વાતે ઉતરી ગયો. આપને બહાર જવું હશે ખરું ને? મોરારી આપવીતી સંભાળતો હતો ત્યાં યાદ આવ્યું.

ના, ના. આમ તો ખાસ કંઇ કામ નથી. તમ તમારે કહે જાવ. મહેશે મોરારીને પ્રોત્સાહન આપ્યું.

હાં...તો આમ દિવસો ખૂટતા હતા. જીવન નભતું હતું. ત્યાં લડાઈ ફાટી નીકળી વસ્તુઓ મળતી નહતી. ત્યાં ટપુશેઠની લીલાએ રંગ બદલ્યો. સંગ્રહખોરી—નફાખોરી ફાલવા લાગી ત્યાં ટપુશેઠની વિસાત કયાં હતી તે પણ એમાં લપેટાયા ઘઉં, ચોખા, ખાંડ વિગેરેનો સ્ટોક થવા લાગ્યો. છૂપા—ગોદામો ઉભા થયા. રેશનીંગ આવ્યું અને વસ્તુઓ પગ કરી કાળા ભોંયરામાં જઈ પડી ત્યારે આપણા આ ટપુશેઠે પણ હાથ મરવા માંડ્યો. જેનો ધંધો ન હતો એવો ધંધો પણ શરૂ થઈ ગયો. અને જુદા જુદા નામે પરમીટ—લાયસન્સ નીકળવા માંડયા અરે જેની હસ્તી નહોતી એવા નામોએ પરમીટો મળવા લાગી અને આમ કરતાં ટપુશેઠ લાખોપતિ બની ગયા. એ ભલે બન્યા મારા જેવા કેટલાયની હાય એમાં ભળી છે.

એક વખતની વાત છે. ખાંડના ગોદામ ઉપર પોલીસનો પંજો પડયો. ૧૦ હજાર ગુણી ખાંડની પકડાઇ. લાયસન્સ ૨૦૦ ગુણીનું હતું અને આટલો સ્ટોક આવ્યો કયાંથી? પોલીસની તપાસમાં મારા નામે ખાંડની ગુણીનું લાયસન્સ હતું એમ જણાવી દીધું. મને કયારેક પણ ખબર ન હતી કે ટપુશેઠ આટલા ઊંડા પાણીમાં ઉતર્યા હશે.

કોર્ટમાં કેસ ચાલ્યો. મારો બચાવ કોર્ટે માન્યો નહિ અને મને ૨ વરસની સજા અને રૂપિયા બે હજાર દંડના થયા.

કેટલીય કાકલુદી પછી શેઠ દંડના રૂપિયા ભરવા તૈયાર થયા. અને બે વરસ જેલમાં રહ્યો.

જેલમાંથી છૂટતાં જ હું પાછો ટપુશેઠને મળ્યો. નોકરીએ રાખવા કહ્યું પણ એમ ટપુશેઠ માને તેવા નહોતા. ઉજમકાકીને ઘરે આવ્યો તો તેઓ પણ મોં ફેરવી ગયા. અને ઉપરથી છણકો કર્યો સુઆ આટલો મોટો કર્યો, તે હવે બીજે ક્યાંય લાગી જા કામ ઉપર.

ક્યાં જવું એની મથામણમાં હતો ત્યાં મને એક મારો જેલ સાથી મળી ગયો. અને પછી તો શું કહું માણસમાંથી રાક્ષસ બની ગયો. ન કરવાના અનેક કામ કર્યા. અનેક બેન–દીકરીની લાજો લૂંટી ચોરીઓ કરી, દારૂની ભઠ્ઠીઓ ચલાવી, જુગારના અડ્ડાઓમાં મહીનાઓ વીત્યા. અને ટપુશેઠથી પણ જાણે સવાયો થઇને ગલીમાં ફરવા લાગ્યો.

પછી તો ટપુશેઠ પણ હંમેશા મારાથી ડરવા લાગ્યા. ખુલ્લી છરીએ કેટલીયવાર એમની પાસેથી પૈસા કઢાવી જતો. એમની જુવાન દીકરીને ચાર ચાર રાત મેં એક જુગારના અડ્ડામાં રાખી એના ઉપર બળાત્કાર પણ કર્યો હતો. છતાં ટપુશેઠ મનમાં સમજી બેસી રહ્યા હતા. પણ આજે આ બધું યાદ કરું છું. ત્યારે કાળજા ઉપર જાણે કરવત ફરતી હોય એમ લાગે છે. ભાઈ આ હાથે હવે એવા કામ ના થાય એવો રસ્તો શોધવાજ આપની પાસે આવ્યો છું. જુવાની વેડફી છે હવે પછીની જિંદગી સુખમાં વીતે એની ઝંખના સાથે જ આપની પાસે આવ્યો છું. નિરાશ ના કરશો નહિ તો પાછો એવાજ કોઈ ગોઝારા કાર્યોમાં લાગી જઈશ. મોરારીની આંખો સજળ બની ગઈ.

મહેશ મોરારીની વાતો એક ચીત્ત

> **મહાન સિતારો.**
>
> **બુદ્ધ અને મહાવીર ભારતીય આકાશના બે ઉજ્જવળ નક્ષત્રો છે. ગુરૂ–શુક્રના જેમાં તેજસ્વી અને મંગલ દર્શન સમાં છે. બુદ્ધનો પ્રકાશ દુનિયામાં વ્યાપક રીતે ફેલાઈ ગયો. મહાવીરનો પ્રકાશ ભારતના હૃદયનાં ઉંડાણમાં ઉતરી ગયો. બુદ્ધે મધ્યમ માર્ગ શીખવ્યો. મહાવીરે મધ્યસ્થ દ્રષ્ટિ દીધી. બંને દયાળુ અને અહિંસા ધર્મી હતા બુદ્ધ બોધ પ્રધાન હતા. મહાવીર વીર્યવાન તપસ્વી હતા.**
>
> —વિનોબા ભાવે.

# 'બુદ્ધિપ્રભા'નું

લવાજમ નીચેના સ્થળે ભરો:—

( ૧ ) મેઘરાજ પુસ્તક ભંડાર,
ગોડીજી ચાલ, મુંબઈ-૨.

( ૨ ) જયકુમાર શાંતિલાલ હંતારા,
૧૩/૧૬ ત્રીજો ભોયવાડો, ૧ લે માળે,
મુંબઈ-૩.

( ૩ ) શાંતિલાલ જગાભાઈ,
C/o શાંતિચન્દ્ર સેવા સમાજ,
હાજા પટેલની પોળ અમદાવાદ.

( ૪ ) અરવિંદકુમાર ચીમનલાલ,
૧૫૨૩/૪, નાની વાઘણ શેરી,
પંચશીલ હાઈ સ્કુલ સામે,
સરસપુર, અમદાવાદ.

( ૫ ) કનુભાઈ ઈન્દુલાલ,
C/o શા. નગીનદાસ છોટાલાલ,
મહાત્માગાંધી રોડ, વડોદરા.

( ૬ ) અમૃતલાલ વાડીલાલ,
જીરાળાપાડો, ખંભાત.

તેમજ બુદ્ધિપ્રભાના તમામ કાર્ય અંગે લવાજમ-લેખ-સમાચાર વગેરે ) માટે નીચેના સરનામેજ સંપર્ક સાધો.

બુદ્ધિપ્રભા
C/o ધનેશ એન્ડ કું.
૧૯/૨૧, પીકેટ ક્રોસ લેન,
મુંબઈ ૨.

સાંભળતો હતો તે એકદમ જાણે સફાળો થયો.

ભાઈ આમ હિંમત હારે કેમ ચાલશે. એને તે દિવસ યાદ આવી ગયો. જ્યારે મોરારી એક ફૂટપાથ ઉપર લોહી લૂહાણ હાલતમાં પડયો હતો. એક મોટર લોરી નીચે એ આવી ગયો. મોટરનું ચાક એના પેટ ઉપરથી ફરી ગયું હતું. મોટર લોરી હંકારી જવામાં આવી હતી. લોકોના ટોળા ભેગા મળ્યા હતા. અનેક વાતો થતી હતી. મહેશ ત્યાં પહોંચી ગયો અને પોલીસ આવે તે પહેલાં એને હોસ્પીટલ ભેગો કર્યો હતો.

એને ખ્યાલ ન હતો કે એ માણસ કોણ છે. ફકત માનવ સહજ સેવા-કાર્યથી પ્રેરાઈ એણે એને હોસ્પીટલમાં સારી સારવાર મળે અને એ બચી જાય એટલી ઇચ્છા એની હતી.

અને એની મહેનતે જ મોરારી જીવી ગયો અને ત્રણ મહિના હોસ્પીટલમાં રહી પાછો આવ્યો ત્યારે એ મહાકાય મોરારી સાવ સુકલકડી જેવો બની ગયો હતો. ખુદ મહેશ પણ એને ઓળખી શકયો નહોતો.

ઓપરેશન થીયેટરમાં ડોકટરો જ્યારે એની સારવાર કરતાં હતા ત્યારે મોરારી બૂમો મારતોજ હતો કે મને મરવા દો મારે હવે જીવવું નથી. પણ આમ ડોકટરો પોતાની ફરજ ચૂકે ખરા! અને ડોકટરોની સારવાર અને મહેશની વખતસરની હાજરી એજ મોરારી આજે જીવી ગયો હતો અને નવી જિંદગી નવેસરથી શરૂ કરવા મહેશને વિનવી રહ્યો હતો.

કયાં ટપુશેઠની દયા દાન વૃત્તિ—અને કયાં આ બદમાશનો સાચા હૃદયનો જીવન પલ્ટો! મહેશ વિચારતો રહ્યો. ટપુશેઠની વૈભવશાળી જિંદગી અને કયાં મોરારીની મુફલીસગીરી—છતાં બંનેમાં ફરક જણાતો હતો. ટપુશેઠની ખંધાઈ અને મોરારીની સરળતા. હૈયાના ઓથાર બંનેમાં હતા પણ એકમાં હળવાશ હતી જ્યારે બીજામાં અતિભાર!

મોરારીને આશ્વાસન આપી વિદાય કર્યા પછી મહેશ વિચારતો રહ્યો કયાં કયારે આતમ જાગે છે તે કળાતું નથી!

મોરારી પણ જે સરળતાથી આવ્યો હતો એજ સરળતા સાથે, એક જુસ્સા સાથે, નિખાલસ હૈયે ત્યાંથી ઝપટાભેર નીકળી ગયો.

લેખક: વિષ્ણુકુમાર પંડયા

# કાચંડાના રંગ

**[ કાચીડો ઋતુ પ્રમાણે રંગ બદલે છે. ઘણા માનવીનો સ્વભાવ પણ કાચીડા જેવો છે. રંગ બદલાતા માનવીના કાચીડા સ્વભાવને રજુ કરી જતી સાદી પણ વેધક વાર્તા. —સં. ]**

પ્રથમ મિત્રોથી ઘેરાયેલો રહેતો મદન છેલ્લા કેટલાક દિવસથી એકાકી અને અટૂલો બની ગયો હતો.

હમણાં એક કલાક પહેલાં જ તે પોતાના જુના દોસ્તને ત્યાં ગયો હતો. દોસ્ત બહાર ખુલ્લા વરંડામાં ખુરશી નાખીને બેઠો હતો. અને સાથે બીજા બેચાર મિત્રોની ટોળી પણ બેઠી હતી.

સામાન્ય રીતે તો એ દોસ્ત મદનને દૂરથી જોતાં વેંત હાથના ઇશારા વડે આવકાર આપતો હતો. પરંતુ આ વખતે મદનને જોવા છતાં તેણે ન તો કોઈ એવો ઇશારો કર્યો હતો યા ન તો પોતાના મુખ ઉપર આવકારનો કોઈ ભાવ દર્શાવ્યો હતો. મિત્રના વર્તનમાં દેખાયેલા આ તફાવતને સમજતાં મદનને વાર ન લાગી, એ વખતે જ તેને થયું હતું. 'લાવ પાછો ચાલ્યો જાઉં.' અને તેણે પોતાની સાયકલ પણ ધીમી પાડી હતી. પરંતુ 'ના, જ્યારે અહીં સુધી આવ્યો છું ત્યારે તો હવે એને મળીને જ જાઉં.' એમ વિચારીને તે વરંડામાં દાખલ થયો હતો.

એ વખતે પેલા મિત્રે ડોકું હલાવીને ઠંડો આવકાર આપ્યો હતો. એને તેની સાથે બેઠેલા બીજા ભાઈબંધોએ પણ મોં પર ભાવ વગરનું મોળું સ્મિત કર્યું હતું.

એ જ પળે મદનને થયું હતું: 'અરર! અહીં હું ક્યાં આવી ચઢ્યો? પરંતુ થાય શું? આવ્યા તેવા થોડા જ કંઈ પાછા જવાય છે!'

અને પેલા મિત્રોએ 'આવો, બેસો' એવો સામાન્ય શિષ્ટાચાર ન દર્શાવવા છતાં તે જાણે પોતાની જાતને પરાણે તેમના પર લાદતો હોય એવો ભાવ અનુભવતાં પોતાની મેળે ખુરશી ખેંચીને બેસી પડયો હતો.

આમ ને આમ દસેક મિનીટ વીતી ગયા પછી છેવટે પોતાના પેલા જૂના

દોસ્તે પૂછ્યું હતું: 'કેમ મદન! શા નવીન છે?'

એ સાથે જ બીજા મિત્રોએ પણ મદન સામે જોયું હતું, અને જાણે કોઈ એક ગરીબ અને ગરજુ વ્યક્તિ પોતાની પાસે લાચાર બનીને બેઠી હોય અને તેના ઉદ્દગારોનું પોતાને માટે કંઇ જ મહત્ત્વ ન હોય એવા હાવભાવ સાથે તેઓ મદનને નખશીખ નીરખી રહ્યા હતા. એ બધાની સામે બહાવરી નજર ફેરવી મદન બોલ્યોઃ 'ખાસ નવીન કંઈ નથી.'

'કંઇ નોકરીનું ઠેકાણું પડયું?' એક મિત્રે પૂછ્યું હતું.

શું જવાબ આપવો ને શું જવાબ ન આપવો તેની જ ગડમથલમાં તે હતો ત્યાં તો વળી બીજા એક મિત્રે પૂછ્યું હતું: 'અલ્યા મદન! પહેલાં તો 'કલીન શેવ' માં અને અપ-ટુ-ડેટ રહેતો હતો. અને હવે આ દાઢીમૂછ કેમ વધારવા માંડી?'

હજી પેલા પ્રશ્નની પોતાના ચિત્ત પર પડેલી ચોટની અસરમાંથી મદન મુક્ત થયો ન હતો ત્યાં તો તેથી પણ અધિક ચોટદાર આ બીજો પ્રશ્ન કાને પડયો. જાણે કોઇએ માથા પર હથોડો ઝીંકયો ન હોય!

ચમકી જઇને એ પ્રશ્ન પૂછનાર મિત્ર સામે જોઈ રહ્યો હતો. તે કંઈ બોલી તો શકયો ન હતો. માત્ર તેણે માથું હલાવ્યું હતું અને એ દ્વારા જાણે તે સૂચવી રહ્યો હતોઃ 'હા, હવે દાઢી-મૂછ વધારવાનો મારે વખત આવ્યો છે. તે માટેનું કારણ તમે જાણો છો, છતાં મારી આમ હાંસી શા માટે ઉડાવો છો?'

અને સાચે જ મદનની આંખના ખૂણા સહેજ ભીના બની ગયા હતા. લમણા પર ટેકવેલા હાથની આંગળી વડે તેણે આંખના ખૂણા લૂછી નાખ્યા હતા. પરંતુ પેલા બધા મિત્રોમાંના કોઇનું ધ્યાન તે તરફ ખેંચાયું ન હતું.

તેઓ તો તેના પોશાકને ઝીણી આંખે અવલોકી રહ્યા હતા. અને એક-બે જણ તો તેના પાટલુનની ફાટી ગયેલી કિનારી તરફ આંગળીઓ અને આંખના ઈશારા કરી રહ્યા હતા.

ત્યાં જ એક ત્રીજા મિત્રે તેના કોટના ફાટી ગયેલા કોલર તરફ અંગૂલિ કરી પૂછ્યું. 'આ શું"

'અને આવું ફાટેલું પાટલૂન!'

મદને આ મિત્રોના પ્રશ્નોના જવાબો આપવાને બદલે એ પ્રશ્નો માટેની કારણ-ભૂત પોતાની કંગાલ સ્થિતિનો વિચાર કર્યો હતો. કુદરતી રીતે જ તેનો હાથ પંદર દિવસથી ઊગેલી દાઢીમૂછ તરફ ગયો હતો અને તેની નજર કોટના

ફાટી ગયેલા કોલર અને પાટલૂનની કિનાર તરફ ગઈ હતી.

તે સાથે જ સામે બેઠેલા મિત્રો તરફ તેની આંખો મંડાઈ ગઈ હતી.

પહેલી દૃષ્ટિએ તો તેને થયું હતું. 'આ લોકો શું ખોટું કહે છે? ક્યાં અપ-ટુ-ડેટ કપડાંમાં સજ્જ થયેલા તેઓ અને ક્યાં કંગાલ હાલતવાળો હું? સાચે : હું એમની સાથે બેસવાને લાયક નથી...' અને તે નાનમ અનુભવી રહ્યો હતો.

પરંતુ બીજી પળે આ મિત્રો સાથેના પોતાના પ્રથમના જીવનનું ચિત્ર સ્મૃતિ-પટ પર આલેખાઈ જતાં તેની ગરદન ટટાર બની ગઈ હતી. અને આંખોમાં પુણ્યપ્રકોપ પ્રજ્જવલી ઉઠ્યો હતો. 'આજે મારી આ હાલત પર તમે ભલે હસો. અને પછી નાટકી ઢબે પંક્તિ ઉચ્ચારી હતી: 'એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી...'

અને તેની આ પંક્તિ સાંભળીને


## શ્રી જીર્ણોદ્ધારમાં સહકાર આપો!

મહેસાણા નજીક અમારૂં ગામ મોટી દાઉ આવેલું છે. અત્રે જૈનોનાં ફક્ત ચોદ ઘર છે.

**—: નીચે પ્રમાણે સહકાર મળવાથી અમોને બહુ જ આનંદ થયો છે :—**

૧૨૫૦) સુધારા ખાતાની પેઢી મહેસાણા
૧૨૦૦) શ્રી ગોડીજી પાર્શ્વનાથ, મુંબઈ
૪૦૦) શ્રી ચિન્તામણી પાર્શ્વનાથજી તથા શ્રી અનંતનાથજી મુંબઈ.
૩૫૦) શ્રી શ્રેયસ્કર મંડળ મહેસાણા
૩૦૦) કરાડ અને વડાળી.
૩૦૦) સીદ્ધપુર, ખંભાત, ઊંઝા, પુના અને પોરબંદર
૧૦૦) આચાર્ય શ્રી શાન્તિસૂરિજીના સદુપદેશથી ભાભર અને ઉંદરા
૧૩૫૦) અમદાવાદ તથા મુંબઈ
૬૦૦) સાબરમતી, જામનગર, ચાણસ્માં
૬૦૦) નરોડા તીર્થ અને સાણંદ
૫૦૦) મુનિરાજ શ્રી વિનયવિજયજીના સદુપદેશથી.
૫૦૦) ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી ગણિવર્યના સદુપદેસથી કલકત્તા અને મુંબઈ.
૪૫૦) પન્યાસ ભદ્રંકરવિજયજીના સદુપદેશથી કૈયલ અને ધીણોજ.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી તથા શ્રી ભોયણી મલ્લીનાથજીની પેઢી તરફથી આરસ પત્થર ફુટ ૫૦૦

**હજી જીર્ણોદ્ધારમાં બેથી ત્રણ હજારની જરૂર છે તો ચતુર્વિધ સંઘ તથા ટ્રસ્ટીઓ ધ્યાન આપી સહકાર આપે! એજ અભ્યર્થના—**

**શ્રી તારાચંદ રીખવચંદ મુ૦ મોટી દાઉ (ઉ. ગુ) જી. મહેસાણા**

પેલા બધા મિત્રો ખડખડાટ હસી પડયા હતા. તે સાથે જ મદન ઊભો થઈ ગયો હતો અને પેલા મિત્રો કંઈ કહે તે પહેલાં તો તે ત્યાંથી સડસડાટ ચાલ્યો ગયો હતો.

આખા રસ્તે તેના મગજમાં એ મિત્રોના જ વિચારો આવ્યા કર્યાં હતા. પ્રથમ જ્યારે તે નોકરીમાં હતો ત્યારે એ મિત્રોનું ટોળું મધપૂડાની આજુ-બાજુ ઘૂમતી મધમાખીઓની જેમ સદાય પોતાની આજુબાજુ વીંટળાએલું રહેતું હતું. પરંતુ અત્યારે એજ મિત્રો પોતાને દૂર રાખવા મથતા હતા. અરે! એટલુંજ નહિ પરંતુ જ્યારે પોતે તેમની પાસે જવા માટે પ્રયાસ કરતો ત્યારે તેઓ હિંમત યા દિલાસો આપવાને બદલે ઊલટું હાંસી ઉડાવીને પોતાના દુઃખમાં વધારો કરતા હતા અને દિલને દૂભાવતા હતા.

એની પાછળનું કારણ તે સમજી શકતો હતો. 'આજે મારી પાસે જ્યારે પૈસા નથી અને હું નોકરીધંધા વગરનો બેકાર બની ગયો છું; ત્યારે તેઓ મારી શા માટે પરવા કરે? હવે થોડો જ હું કંઇ તેમને મોજશોખ કરાવી શકું તેમ છું?'

> **મહાવીર એક મહાન શિક્ષણ શાસ્ત્રી !**
>
> **ભગવાન મહાવીર એક મહાન આત્મા હતા. જે કેવલ જૈનોને માટેજ નહિ પણ સમસ્ત સંસારને માટે પૂજ્ય હતા. આજકાલના ભયાનક સમયમાં ભગવાન મહાવીરની શીક્ષા ઘણી જરૂરી છે. આપણું કર્તવ્ય છે કે એમની યાદ તાજી કરવા માટે એમણે બતાવેલા માર્ગ પર ચાલીએ.**
>
> —ગણેશ વાસુદેવ માવલંકર

તે સાથે જ પોતે એ મિત્રમંડળીને કરાવેલાં અમનચમનના દિવસો તેને યાદ આવતા હતા.

અઠવાડિયામાં ઓછામાં ઓછા બે દિવસ સિનેમાના તો થઈ જ ચૂકયા. અને તે પણ બાસઠ ન. પૈસા કે દોઢ રૂપિયાની ટિકિટમાં નહિ. 'અરે દોસ્ત મદન! તારા જેવા મહિને ત્રણસો રૂપિયા કમાતા ઓફિસરને માટે તો ઓછામાં ઓછી અઢી રૂપિયાની ટિકિટ જ જોઈએ.' એમ કહીને મિત્રો તેની અનિચ્છા અને આનાકાની છતાં તેને છબીઘરના ઉપલા વર્ગમાં ખેંચી જતા હતા અને ચાલુ 'શો'માં ભારે મોંઘાં નાસ્તાપાણી પાછળ થતો ખર્ચ તો જુદો જ. અને આ બધાનું બિલ તો

# પારેખ એસ. આર. જૈન એન્ડ કું.

## માહીમ હલવાવાલા

હિંદુસ્થાનભરમાં મશહુર તથા ઈંગ્લેન્ડ અમેરિકા દુર પુર્વના
દેશોમાં પ્રખ્યાત સ્વાદિષ્ટ અને ઉત્તમ બનાવટનો અસલ
દેશી ઘીનો માહીમ બરફનો હલવો, સુરતની
બરફી તથા દરેક જાતની મિઠાઈઓ
બનાવનાર અને વેચનાર.

**સુરતી સ્વાદિષ્ટ ફરસાણ મળશે.**

**પારેખ એસ. આર. જૈન એન્ડ કું.**

★ PAREKH S. R. JAIN AND CO. ★

## માહીમ હલવાવાલા

*Branch*:-**STATION ROAD, VIKHROLI BOMBAY No. 79**

આપને ત્યાંના દરેક અવસરે અમને યાદ કરો અને મનગમતી
ખાત્રી લાયક મિઠાઈઓ વ્યાજબી ભાવે મેળવો.
બહારગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે.
સ્ટેશન રોડ, વિક્રોલી, મુંબઈ ૭૯.

▼

હેડ ઓફીસ :—
**શા. અચલદાસ રાજમલજી જૈન.**
મહાત્મા ગાંધી રોડ, મુલુંડ,
મુંબઇ ૮૦.

**વ્યાજબી ભાવ**

**સભ્ય વર્તાવ ★ ઝડપી સર્વીસ**

મદનને જ ચૂકવવાનું હોય ને ! કારણ કે મિત્રોમાં સૌથી વધારે પગાર એને જ મળતો હતો ને !

અને એક મિત્ર તો મદનની રૂબરૂમાં કહેતો હતો. 'દોસ્ત મદન ! તારે થોડી જ કંઇ ફેમીલી–બેમીલીની ચિંતા છે? આખો પગાર વપરાઇ જાય તોય વાંધો નહિ.'

ત્યારે મદન કહેતોઃ 'એવું નથી યાર! ભલે અહીં હું એકલો છું, પરંતુ ઘેર માબાપને પૈસા મોકલવા પડે છે.'

બીજો મિત્ર: 'હં પણ તે કેટલા? પાંચ–પચાસ. તેથી વધારે તો નહિને !'

ત્યાં જ ત્રીજો મિત્ર ટાપસી પુરતો. 'હા, હા, ઘરડાં માણસોને એથી વધારે ખર્ચ પણ શો હોય?'

અને ચોથો મિત્ર મદનના ગજવામાં હાથ નાખી સિગારેટનું પાકીટ તથા લાઈટર કાઢતો તેને પાણી ચઢાવતો. 'અરે યાર! તું તો જેટલો ખર્ચ કરે તેટલો ઓછો છે.'

તે સાથે જ બધા મિત્રો એકી સાથે બોલી ઊઠતાઃ 'જરૂર, મહિને ત્રણસો રૂપિયા એ શું ઓછી રકમ છે?'

અને મદનને ઇચ્છા–અનિચ્છાએ ખર્ચ કર્યા સિવાય છૂટકો જ થતો નહોતો.

એટલું જ નહિ પરંતુ કેટલાક મિત્રો તો 'યાર મદન ! એક પચાસ રૂપિયા ન આપે? આવતે અઠવાડિયે તો જરૂર આપી દઇશ.' યા 'દોસ્ત! તું જાણે છે ને કે કોઇની પાસે તો હું હાથ ધરૂં તેવો નથી. આ તો તું મારો ખાસ જીગરજાન દોસ્ત રહ્યો, એટલે આટલી માંગણી કરૂં છું. માત્ર સો રૂપિયાજ હોં...' એમ કહીને તેની પાસેથી કેટલીય વખત ઉધાર પૈસા લઇ જતા હતા. અને અઠવાડિયાનો કે પંદર દિવસનો આપેલો વાયદો તો શું પણ મહિનાઓ ઉપર મહિનાઓ વિતી જતા છતાં એ પાછા મળતા ન હતા.

પરંતુ કંઇ નહિ, મિત્રોના પૈસા થોડાજ કંઇ ખોટા થવાના છે? આજે સવડ નહિ હોય તો ભવિષ્યમાં પણ કોઇ દિવસ આપ્યા સિવાય થોડાજ રહેવાના છે? અને જો કદાચ નહિ આપી શકે તો પણ શું થઇ ગયું? આખરે તો મારા મિત્રો છે ને? ઘી ઢળશે તોય તે ખીચડીમાં છે...' એવી ઉદાર ભાવનાથી મદન મિત્રોને આપ્તજન સમાન લેખાતો હતો.

પરંતુ એક દિવસ ઓફિસમાં કાપકૂપીનો કુહાડો પડયો અને તેની નોકરી ગઇ! તે સાથે ધીમે ધીમે મિત્રો પણ ગયા.

તેને માટે આ બેવડો આઘાત હતો. નોકરી ગયાનો આઘાત તો હતોજ.

પરંતુ આથી વિશેષ આઘાત તો પોતે જેઓને સગા ભાઇ કરતાં પણ અધિક માન્યા હતા. તે મિત્રોએ પોતાને આમ એકાએક ત્યજી દેતાં થયો હતો. મિત્રો આ પ્રમાણે પોતાને છોડી દેશે તેની તો તેણે કલ્પના પણ કરી ન હતી.

અને શરૂ શરૂમાં તો 'આહા દોસ્ત ! નોકરી ગઈ એમાં ગભરાવાની શી જરૂર છે ? એક ગઈ તો બીજી.' એમ કહીને તેને હિંમત આપી હતી.

અને 'મારા મિત્રો મારા માટે જરૂર કંઇ કરશે.' એ શ્રદ્ધાથી મદન પણ નાહિંમત બન્યો ન હતો. બીજી નોકરીની શોધ પોતે તો કરીજ રહ્યો હતો. પરંતુ કદાચ પોતાના મિત્રો તરફથી પણ કંઇ મદદ યા માર્ગદર્શન મળી રહે તે આશાથી તે દરરોજ એકાદ વખત પોતાના મિત્રોને મળતો ખરોજ; ઓફીસમાં યા ઘેર.

પરંતુ થોડાજ દિવસોમાં તે જોઈ થોડાજ દિવસોમાં તે જોઇ શકયો હતો કે પોતે મિત્રોને મળવા માટે જ્યારે ઓફીસમાં જતો ત્યારે—'યાર ! અત્યારે તો કામ બહુ છે. કાલે ન આવે ?' એમ કહીને તેને ટાળવા પ્રયત્ન કરતા હતા અને 'ત્યારે લાવ એમના ઘેરજ મળું. ત્યાં નિરાંતે વાતચીત થઇ શકશે.' એમ માનીને જ્યારે તે તેમના ઘેર જતો હતો ત્યારે બહુધા તેઓ મળતા નહતા. અને જ્યારે જ્યારે મળતા ત્યારે ત્યારે—

ટેલીગ્રામ : 'કેસુવર્કસ' ટેલીફોન : ૨૫૧૩૦૧

**ધી કેશર સુગર વર્કસ લી.**

**હેડ ઓફીસ : ૪૫-૪૭, એપેલો સ્ટ્રીટ મુંબઇ, નં. ૧**

ખાંડનું કારખાનું **બહેરી** ( ઉત્તર પ્રદેશ )

ઉત્તમ દાણાદાર ખાંડ, પાવર આલ્કોહોલ, રેકટીફાઇડ અને મેથિલેટેડ સ્પિરિટ

**ગોરેગાંવ, મુંબઈ.**

⊙ ફોટોગ્રાફી અને ટ્રેનીંગ માટે હાઇપો ⊙ ફોટોગ્રાફી માટે સોડા, સલ્ફાઇટ

⊙ ટેકસ્ટાઇલ તથા ટેનેરીઝ માટે સોડીયમ બાઇસલ્ફાઇટ ⊙ ક્રોમીક એસીડ, નીકલ સલ્ફેટ વગેરે ઇલેકટ્રો પ્લેટીંગ કેમીકલ્સ

⊙ હાઇડ્રો કવીનોન ⊙ સોડીયમ અને પોટાશિયમ સોડાબાઈ સલ્ફાઇટ

વ્યાપાર સાથે સંબંધ ધરાવતી પુછપરછ પર પુરતું ધ્યાન આપવામાં આવશે

'જોને દોસ્ત ! તારે માટે તપાસ તો બધે કરૂં છું, પરંતુ કંઈ પત્તો ખાતો નથી. આજકાલ નોકરી ધંધાની એટલી બધી હાડમારી છે કે ન પૂછો વાત.' કહીને બેકારી અને બેરોજગારી પર એક નાનકડું ભાષણ સંભળાવતા.

એટલે આ ભાષણ આપી રહેલા મિત્રને અધવચ્ચ અટકાવતાં જ તે કહેતોઃ એ બધું તો હું જાણું છું.'

ત્યારે પેલો મિત્ર–'તો પછી શું કામ મારા ઘરના પગથિયાં ઘસી નાખે છે?'—એવું કહેવા માગતો હોય તેવા કંટાળા સાથે એક મોટું બગાસું ખાતો.

અને તેને પોતાને વિદાય થવા માટેનું ચિહ્ન સમજીને મદન ત્યાંથી રવાના થઈ જતો હતો.

પ્રથમ તો કેટલાક મિત્રો 'બેસ બેસ મદન! ચ્હા પીને જા.' એવો જે સામાન્ય વિવેક દર્શાવતા હતા તે પણ હવે બતાવતા ન હતા. ઊલટું 'આ લપ ક્યારે અહીંથી જાય !' એવો અણગમો બતાવતા.

એક–બે વખત તો વળી વિચિત્ર અનુભવ થયેલો, જે મિત્રને ઘેર તે ગયેલો તે ઘરમાં હોવા છતાં અને તેને કાચની બારી પરના પડદાની આડેથી જોયા છતાં, અંદરથી તેની નાની પુત્રીએ આવીને કહ્યું હતુંઃ 'પપ્પા બહાર ગયા છે. ઘરમાં નથી.'

અને આ બધા અનુભવોની પરાકાષ્ઠા સમા એક કલાક પહેલાંના છેલ્લા અનુભવ પછી તો તેણે મનમાં ગાંઠ વાળી હતીઃ 'ભૂખે ભલે મરું, પણ હવે એ લોકોનાં ડાચાં તો નહિ જ જોઉં.'

> **શ્રદ્ધા**
>
> **જો ભગવાન મહાવીરની સુંદર અને પ્રભાવશાળી શિક્ષાઓનું પાલન કરવામાં આવે તો રૂશ્વત, બેઈમાની, અત્યાચાર વગેરે જરૂર નષ્ટ થાય.**
>
> **—લાલબહાદુર શાસ્ત્રી**

અત્યારે તે તેની હોટલના ઝરૂખામાં ઊભો હતો. પોતે અપરિણિત અને એકલો હતો. એટલે સ્વતંત્ર મકાન રાખવાને બદલે ખાન–પાન અને ઇતર સગવડો પૂરી પાડતી આ હોટલમાં જ તે રહેતો હતો. હોટલની સામે

એક સુંદર પ્રકાશન

# આત્મતત્વ વિચાર

ભાગ ૧—૨

**ગુજરાતી ભાષામાં**

ગમે તેવા નાસ્તિક અને દુરાગ્રહીના ગળે ઉતરી જાય તેવી યુક્તિ, તર્ક અને મનોહર દ્રષ્ટાંતોથી પ્રચુર, આત્માનું અસ્તિત્વ, સ્વરૂપ, આત્માની મહાન શકિત, કર્મનું બળ અને ધર્મની મહત્તા સમજાવતો અપૂર્વ અધ્યાત્મ તત્વજ્ઞાનનો

## ગ્રંથ રત્ન

—: પ્રવકતા :—

દક્ષિણ દેશોદ્ધારક પૂ. આચાર્યદેવ વિજયલક્ષ્મણ સૂરીશ્વરજી
મ. સાહેબ

કિંમત બન્ને ભાગના ફકત ૭ રૂા.

દરેક જૈનના ઘરમાં આ ગ્રંથ અવશ્ય હોવો જોઇએ.

**—: હિન્દીમાં :—**

આત્મ તત્વ વિચાર હિન્દી ભાષામાં પણ બહાર પડી ચૂકયો છે. બન્ને ભાગ એકજ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. પાકુ બાઇન્ડીંગ ૧૬ પેજી ૭૨૦ પેજનો દળદાર ગ્રન્થ છતાં કિંમત ફકત પાંચ રૂપીઆ

**—: અંગ્રેજીમાં :—**

આત્મ તત્વ વિચારનો અંગ્રેજી અનુવાદ સુંદર શૈલીથી કરવામાં આવ્યો છે. અત્યંત આકર્ષક ગેટ—અપ બાઇન્ડીંગ અને છપાઇ. પૃષ્ઠ ૫૫૦ લગભગ

**કિંમત ફકત દસ રૂપીયા**

મળવાનું સ્થળઃ—

**શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન**

જ્ઞાનમંદિર, ૯, એસલેન,

દાદર, બી. બી. મુંબઇ ૨૮.

મોટરો, ઘોડાગાડીઓ, સાયકલો અને માનવીઓની વણઝાર ચાલી રહી હતી. પરંતુ એ કશા તરફ અત્યારે તેનું ધ્યાન ન હતું. તેના મનમાં એક જ સવાલ સળવળી રહ્યો હતોઃ 'શું માનવી કાચંડાની પેઠે આમ રંગ બદલી શકે છે?'

ત્યાં તો કોઇનો પગરવ સંભળાયો અને તે પાછું વળી જુએ તે પહેલાં જ 'કેમ મદનભાઇ!' કહેતો કે એક યુવક ઝરૂખામાં આવીને ઊભો.

'ઓહો, હરિભાઇ! આવો આવો. તમે કયાંથી?' મદનને સામે દોડી જઇ એ આગંતુક વ્યક્તિને આવકારી.

આગંતુક વ્યક્તિ કંઈ બોલે તે પહેલાં તો મદનના મગજમાં વિચારો આવી ગયાઃ 'આ હરિભાઇ! એક વખતનો મારી ઓફીસનો સાથીદાર. ઓછા બોલો અને સૌથી અનડો રહેતો અને મારા પેલા મિત્રો જેને અહંકારી—અભિમાની કહેતા તે અચાનક અહીં કયાંથી? અને ઓફીસમાં મિત્રો જ્યારે ઉપરી અમલદારોની ખુશામત કરતાં થાકતા ન હતા ત્યારે આ હરિભાઇ પોતાના સ્વમાનને પ્રાણથીય અધિક લેખી, કેવળ પોતાના કાર્યમાં જ મશગૂલ રહેતો હતો અને કોઇની શેહ કે શરમમાં ખેંચાયા સિવાય કડવી છતાં સાચી વાત કહેતાં જરાય અચકાતો ન હતો. તે અત્યારે અહીં? અને મારી પાસે? મારે તો એની સાથે નહિ જેવો સંબંધ હતો...'

'મદનભાઇ! એક વીમા કંપનીમાં મારા મિત્ર નોકરી કરે છે. મેં તેને તમારા વિષે વાત કરી રાખેલી આજે તેના તરફથી સમાચાર મળ્યા છે કે, એક કારકુનની જગ્યા ખાલી પડી છે. જો તમારી ઇચ્છા હોય તો...'

અને 'જરૂર જરૂર' એ બે શબ્દો સાથે મદનના બે હાથ જોડાઈ ગયા. તેનું અંતર બોલી ઊઠયુંઃ 'આનું નામ સાચો મિત્ર.'

## આપની સેવા જ્યોત સદાય જલતી રહો.



શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી. એમ. એલ. એ. ( મુંબઈ )

શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી જૈન સમાજના સક્રીય કાર્યકર છે ને ઉદાર શ્રેષ્ટી છે. તાજેતરમાં જ મુંબઇની સેંકડો સંસ્થાઓએ અને અનેક સ્નેહી–સંબંધીઓ તેમજ મિત્રોએ તેમનો ષષ્ઠી પૂર્તિ જન્મ મહોત્સવ ઉજવી તેમનું દીર્ઘાયુ વાંચ્છયું છે.

શ્રી ગાંધી મહારાષ્ટ્ર વિધાન સભામાં બહુમતીથી ચુંટાઇને આવેલા એક રાજકીય લાડીલા નેતા પણ છે. મુંબઈ શ્રી જીવદયા મંડળીના ઉપ–પ્રમુખ પણ છે. તેમજ અનેક નાની મોટી જૈન–જૈનેતર સંસ્થાઓના પ્રેરક છે. ક્યાંક ટ્રસ્ટી છે તો ક્યાંક મંત્રી. પણ કોઈ કોઈ સંસ્થાના સંસ્થાપક પણ છે. સામાજિક અને શૈક્ષણિક પ્રગતિના તેઓ સૂત્રધાર છે.

સ્વ૰ અધ્યાત્મજ્ઞાન દીવાકર શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી પ્રત્યે તેમને અનન્ય ભક્તિભાવ છે. તેમના જીવનના પ્રતીક સમા "બુદ્ધિપ્રભા" ના તેઓ હિતેચ્છુ છે.

સાઠ વરસ જેવી મોટી ઊમરે પણ તેઓ જે ધગશથી અને ઉત્સાહથી, પોતાના ધીકતા વ્યવસાયમાંથી સમય ફાજલ પાડીને ધર્મ–સમાજ ને રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે તેવી સેવા અખંડ ચાલુ રહે અને પ્રભો તેમને તંદુરસ્તી ને દીર્ઘાયુ બક્ષે એ જ અમારી મંગલ ભાવના.

—ઈંદીરા શાહ
—ગુણવંત શાહ

'બુદ્ધિપ્રભા' સંબંધી સમસ્ત પત્રવ્યવહાર નીચે પ્રમાણે કરવો.

'બુદ્ધિપ્રભા' કાર્યાલય

ધનેશ એન્ડ કંપની.
૧૯/૨૧, પીકેટ ક્રોસ લેન, મુંબઈ ૨.

વાંચો..............અને...............વંચાવો........

**સ્નેહીઓ, શુભેચ્છકો તથા માનવંતા કદરદાન ગ્રાહકોને**

**સપ્રેમ સહકુટુંબ આમંત્રણ**

**ભારતીય નારીના સૌંદર્યને દેદિપ્યમાન કરતી ભરતકામની**

**અવનવી ડિઝાઈનની ભરાવણી તથા ખરીદવાનું**

**એક માત્ર અજોડ સ્થળ....**

**★ લેટેસ્ટમાં લેટેસ્ટ ડિઝાઈનોની સાડીઓ ઉપર કેનવાસ-ક્રોસ-સ્ટીચ ★ એમ્બ્રોડરી ★ હાથકામ જરીકામ★વ્યાજબી ભાવે સંતોષપૂર્વક કરી આપવામાં આવે છે......★**

**વેપારીભાઈઓ માટે પણ અમૂલ્ય તક....**

અમારે ત્યાં હોલસેલનું પણ કામકાજ થાય છે અને બહારગામનાં ઓર્ડર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

આજે જ અમારી મુલાકાત લ્યો :—

# શ્રી સ્વામીનારાયણ સ્ટોર્સ

૪૪, ચર્નીરોડ, કામા બાગ સામે,

**મુંબઇ નં. ૪.**

---

**આપ અસલી બુઢિયાના સાચા મોતીના સુરમા ક્યાંથી ખરીદશો ?**

ફોન : ૩૩૨૫૬૬

બુઢિમાઇ સ્થાપિત

ગ્રામ :

'બુઢી સુરમા'

મુંબઇ ૯.

૧૦૦ વર્ષની જુની પેઢી

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

જગપ્રસિદ્ધ બુઢીયાના સુરમા

**દાતુ મનજી પદમશી સુરમાવાલાના**

સાચા મોતીના ઉંચી જાતના ગુણકારક સુરમાઓ આંખોની રોશની માટે ઉપયોગી સાબીત થયા છે.

**અમારૂં એકજ ઠેકાણું યાદ રાખો :—**

સંપૂર્ણ વિગત સાથેનું સૂચીપત્ર મંગાવવાથી ફ્રી મોકલવામાં આવશે

જગપ્રસિદ્ધ: **દાતુ મનજી પદમશી સુરમાવાલા**

ડુંગરી, પાલાગલી, ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઇ ૯.

ડાક્ટરને મલવાના સમય સોમવારે પુરૂષો માટે (ટાઇમ સવારના ૧૦ થી ૧૧)

" " ગુરૂવારે સ્ત્રીઓ માટે " "

# 'બુદ્ધિપ્રભા' ના હાર્દિક હિતચિંતક

આપનો જન્મ ખંભાતમાં થયો હતો. માત્ર દસ જ વરસની નાની ઉંમરે પિતાજીના સ્વર્ગવાસથી કુટુંબની જવાબદારી માથે આવી પડેલી. આ આફતના



ચીમનલાલ વાડીલાલ શાહ

સમયે આપના પૂજ્ય કાકાશ્રી સ્વ. શ્રી મોહનલાલ વખતચંદે આપને સંભાળી લીધા. અને તેમની છત્રછાયા નીચે આપે શિક્ષણ લીધું અને જીવન ઘડતર કર્યું.

કાકાશ્રી મોહનલાલ વખતચંદના ધર્મ સંસ્કાર આપનામાં સારા ઉતર્યાં છે. તેઓશ્રીના જેવા જ આપ માનવતાવાદી અને ઉદાર છો.

આપની જ્ઞાતિ શ્રી વીશા પોરવાડને તો આપની સખાવતો અવરનવર મળતી જ રહે છે. પરંતુ આપ જ્ઞાતિ પૂરતાં જ મર્યાદિત નથી બન્યાં. બીજી અનેક સામાજિક તેમજ ધાર્મિક અને કેળવણી વિષયક સંસ્થાઓને ઉદાર સખાવત કરી સદ્ધર બનાવી છે.

ખંભાત, જીરાળાપાડામાં આવેલું આપના નામ સાથે સંકળાયેલું 'શ્રી ચીમનલાલ વાડીલાલ ફ્રી બાયો-કેમીક દવાખાનું' તેમજ લાલબાગ (ખંભાત) પર આવેલ મેટરનીટી હોસ્પીટલમાંનું 'આરામગૃહ' એ આપની માનવતાના જીવંત પ્રતીક છે.

હાલમાં જ એજ શહેરમાં આપે આપના પૂજ્ય કાકાશ્રીની પુનિત યાદમાં માંડળની પોળના બેનોના જૈન ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર કરાવી 'શ્રી મોહનલાલ વખતચંદ જ્ઞાન મંદિર' ઊભું કર્યું છે.

માદરે વતન સિવાય મુંબઈ તેમજ ઇતર ગામોમાં પણ જ્યાં જરૂર પડી ત્યાં આપે યથાયોગ્ય ફાળો આપ્યો જ છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવન અને કવનથી પરીચિત થતાં આપે 'બુદ્ધિપ્રભા' ને પણ સહકાર આપ્યો. અને આપ અમારા નવીન વહીવટના પ્રથમ અંકના પ્રથમ પેટ્રન બન્યાં.

આપના સહકાર ને સાથ માટે અમો આપના આભારી છીએ.

With Best Compliments
From :—

## M/s. BIPIN INDUSTRIES

STAINLESS STEEL MERCHANT

Bada Mandir Gaushala
3rd Bhoiwada, **BOMBAY – 3.**

With Best Copliments

From :—

*Phone : 256657/58* *Grams :* **"Khetimasin"**

**THE GENERAL MACHINERY STORS**

24, Bd. Hamam Street,
Fort, BOMBAY.

## આપણા જૈન દેરાસરો અને સંસ્થાઓ માટે

અતિ ઉપયોગી એવા અખંડ પીત્તળના પાઇપોમાંથી ધ્વજદંડો, ઘંટા તથા જરમન સીલ્વરનું ફીટીંગ્સ, રેલીંગ તથા મીલ વગેરે તમારા પ્લાન મુજબ બનાવનાર તેમજ અમારે ત્યાંથી અસલ જર્મન સીલ્વરના પતરાં તથા અમારી બનાવટની જરમન સીલ્વરની ખીલીઓ પણ તૈયાર સ્ટોકમાંથી મળી શકશે

મળો યા લખો:—

**જયંત મેટલ મેન્યુફેકચરીંગ કું.,**
૧૯, ભવાનીરોડ, મુંબઈ ૨૮.

ઓફિસ અને ફેકટરી :
ટે નં. ૬૦૭૭૪ શૉરૂમ ટે. નં. ૨૩૭૧૯
તાર : JAYANTBABU: DADAR-BOMBAY.

# सफलताके मार्ग पर



श्री रामचंद

महाभारतमें द्रोणाचार्यका स्थान अद्वितीय है। उन्होंने पांडवोंको शस्त्रविद्या सिखायी और कौरवोंको भी। ऐसे महान गुरुका एक मात्र मंदिर जहां हैं वहां धनकोरमें सन् १९१० में श्री गडरमलजीके घरमें आपका जन्म हुआ था। मथुरा नगरी जैसी ऐतिहासिक नगरी पासमें होनेकी सुविधासे बचपनसे ही राम-लक्ष्मण-कृष्ण आदिकी तस्वीरें और उन महान् विभूतियोंकी जीवनी आपके दिल पर लगी हुई हैं। और साधु सन्तोंका आकर्षण-वैयावृत्य और भक्ति भी शैशवकालसे ही आज पर्यंत रही है।

शास्त्रीय अभ्यास तो आपने अधिक नहि किया है मगर अपनी स्वयं सहज बुद्धि और संस्कारसे आप जवानीकी उम्रसे ही व्यापारमें लगे हुए हैं। आपने छापखाना भी चलवाया था। मगर कई कारणोंसे उसे छोड़कर आप कोयलेके व्यापारमें लग गये। आज आप इस व्यापारमें राजा रहे हैं। बम्बईकी कोयलेकी सारी बाजार आपकी इज्जत करती है।

आपको ज्यादा गुप्तगो पसंद है। जाहिरमें आनेके लिये आपका दिल पसंद नहीं करता। लेकिन जिन्होंने आपने गुप्त मदद की है—हम जानते हैं कि आपने कई बेसहाय, निराधार, बेकार और बेंआओंको अच्छी खासी सहायता की है। वे सब आपको दुआएँ देते हैं और मनोमन पूजा भी करते हैं।

रामके रागी होते हुए भी आप धर्ममें बड़े दिलचस्प रहे हैं। और जब हमने श्रीमद् योगनिष्ठ बुद्धिसागरजीकी जीवनी कही तब आप झुम उठे थे। भक्तिसे आपका सिर उन महात्माकी चरणमें झुक चुका था।

आप तो अपनी आदतसे आपकी जीवनी जाहिर करनेको नहीं चाहते थे लेकिन हमारी जीदसे ही आपने हमें मुहब्बतके मजबूरन अनुमति दे दी।



श्री सुभद्रादेवी

आपकी धर्मपत्नी सुभद्रादेवी भी बड़ी सुशील है और धर्मरागी भी। आपके जीवन कार्यमें उनकी प्रेरणा खूब है।

जब कि आप कभी उदास और खुशी भी होते है तो "घट घटमें भगवान मन मंदिर-घट घटमें भगवान" यह रटकर आश्वना लेते हैं।

# નૂતન વર્ષાભિનંદન

## હિંદુસ્તાનની પ્રખ્યાત મીલોના

## કાપડના વેપારી.

| | |
|---|---|
| જે. છગનલાલની કું., | સોમચંદ દ્વારકાદાસની કું., |
| ૨૩૪. શેખ મેમન સ્ટ્રીટ, | ૨૪૮, શેખ મેમન સ્ટ્રીટ, |
| મુંબઈ ૨. | મુંબઈ ૨. |

**ગ્રાહકોને સંતોષ એ જ અમારો નફો.**

# તમારા પુસ્તકાલયને તેમજ તમારા જીવનને સમૃદ્ધ બનાવો.

હોરેસ માન નામના આંગ્લ વિદ્વાને સાચું જ કહ્યું છે:–"પુસ્તકો વિનાનું ઘર એ બારીઓ વિનાના ઓરડા જેવું છે."

માટે આજે જ

## વાંચો વંચાવો ને વસાવો

અધ્યાત્મજ્ઞાન દીવાકર શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના સંસ્કૃત ગ્રંથો પર, તેમના જ પટ્ટધર આ. મ. શ્રી ઋદ્ધિસાગર સૂરિશ્વરજીની સિદ્ધ હસ્ત કલમે લખાયેલ ગુજરાતી વિવેચન ગ્રંથો:—

| | |
|---|---|
| પ્રેમ ગીતા | રૂ. ૪–૦૦ |
| યોગબિંદુ પ્રકરણ | રૂ. [illegible]–૦૦ |
| સમ્યક્ત્વ શતસ્થાનક પ્રકરણ | રૂ. [illegible]–૦૦ |
| યોગાનુભવ સુખસાગર અને યોગ વિંશિકા | રૂ. [illegible]–૨૫ |

મળો યા લખો:—

૧ વિજાપુર બુદ્ધિસાગર જૈન જ્ઞાન મંદિર, વિજાપુર.
૨ પેથાપુર જૈન બુદ્ધિસાગર સમાજ, સ્ટે. રાંધેજા.
૩. પં. મફતલાલ ઝવેરચંદ, ખેતરપાળની પોળ, અમદાવાદ.
૪. સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, હાથીખાના, અમદાવાદ.
૫. માસ્તર નગીનદાસ નેમચંદ, ડોશીવાડાની પોળ, અમદાવાદ.

# જીવન ઝરમર

પેથાપુર સાગરગચ્છના ઉપાશ્રયની જ્ઞાન ખાતાની ઉપજમાંથી રૂા. ૭૫૧) સ્વ. અમથાલાલ નગીનદાસના શ્રેયાર્થે તેમના ધર્મપત્ની બાબુબેન તરફથી રૂા. ૩૫૧) કોવાડા નિવાસી શ્રી રીખવદાસ કાળીદાસ તરફથી રૂપીયા ૨૫૧) જે ઉદાર સહકાર 'બુદ્ધિપ્રભા' ને મળેલ છે તે અંગે એક સ્પષ્ટતા કરવી જરૂરી સમજી અમારા વાંચકોને જણાવવાનું કે:—

બુદ્ધિપ્રભા'નો તમામ વહીવટ હવે અમને અમારી જવાબદારી પર સોંપવામાં આવ્યો છે. આ વહીવટ અમે કંઈપણ રકમ આપીને કે લઈને લીધો નથી. માત્ર એક અમારી ગુરુ ભક્તિથી તેમજ માસિકનો અમે સુંદર વિકાસ કરી શકીશું એવા એક હેતુથી અમને તે સોંપવામાં આવેલ છે. આ જે સહકાર મળ્યો છે તે અમારા હાથમાં વહીવટ આવતાં પ્રથમ મળેલ છે. જે રકમો બુદ્ધિપ્રભાના અગાઉના અંકોના પ્રકાશન ખર્ચના ઉપયોગમાં પણ લેવાઈ ગઈ છે.

—તંત્રી.

With Best Compliments

From

SHAPARIA

સ્વ૦ અમથાલાલ એ નગીનદાસ રાયચંદ ભાંખરીયાના પહેલા ખોળાના પુત્ર. કેસરીયાજી દાદાના એ ઇશ્વરી ચમત્કારનું પરીણામ. પૂજા કરતાં સ્વ૦ નગીનદાસ રાયચંદના ખોળામાં ૭ ફુલ પડેલા. તેમાંનું એ પ્રથમ દૈવી ફુલ. આથી પિતાશ્રીએ આઠ વરસની ઉંમરના અમથાલાલની કેસર તુલા કરી હતી. પૂજ્ય રવિસાગરજી તેમજ પૂજ્ય સાહિત્ય સમ્રાટ્, સંત, શ્રી બુદ્દિસાગર સૂરીશ્વરજી મા. સા. ના તેઓ અનન્ય ભક્ત હતા. મહેસાણામાં જેટલું ભાંખરીયા કુટુંબ પ્રખ્યાત છે. એટલું જ બલ્કે વધુ પ્રખ્યાત તે મુંબઇમાં છે. ચાના તેઓ મોટા વેપારી હતા. આજે પણ તેમના પાંચ ભાઇઓ એ ધીકતો ધંધો ચલાવે છે. દ્રવ્યનો યોગ્ય સદ્‌વ્યય કરવા તેમણે ટ્રસ્ટ બનાવ્યું છે. ઉપરાંત મુંબઇ કોટ જૈન દેરાસરના તેમજ જૈન પાઠશાળાના વરસો સુધી ટ્રસ્ટી રહ્યા હતા.



સ્વ. અમથાલાલ નગીનદાસ ભાંખરીયા

ગુરુદેવના અનન્ય શિષ્ય ઉપાધ્યાયજી મહારાજ કૈલાસસાગરજી સાહેબને ખાસ વિનંતી કરી મહેસાણા ચોમાસું કરાવ્યું. પાંચે ભાઇઓ તેમના કુટુંબના તમામ સભ્યો સાથે ત્યાં ગયા હતા અને સિદ્ધચક્ર પૂજનનો મહોત્સવ ઉજવ્યો હતો. તે પ્રસંગે તેમના ટ્રસ્ટમાંથી તેમના ધર્મપત્ની ગં. સ્વ. બબુબેન ‘ બુદ્ધિપ્રભા ’ ની જ્યોત સદાય જલતી રહે તે માટે રૂા. ૩૫૧) ની સખાવત કરી હતી. અમો તેમનો આ પ્રસંગે આભાર માનીએ છીએ.

અધ્યાત્મ જ્ઞાન દીવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ઘણા અનન્ય ભક્તો છે. આપ પણ તેમાંના એક છો. ગુરુદેવ પ્રત્યે આપને અત્યંત ભક્તિ છે તેમના જીવન અને કવનને જનતા સમક્ષ મૂકતા 'બુદ્ધિપ્રભા' ને આપે રૂા. ૨૫૧) આપી સાચી જ ગુરુ ભક્તિ કરેલ છે.



શ્રી રીખવદાસ કાળીદાસ કોલવાડા

આપ સ્વભાવે મિલનસાર, હૈયાના ઉદાર અને સંસ્કારી, ચારિત્ર્ય નિષ્ઠ શ્રેષ્ઠિ છો.

આપના સહકારનું અમો આભાર અભિવાદન કરીએ છીએ.

પેથાપુર સાગરગચ્છના ઉપાશ્રયની જ્ઞાનખાતાની ઉપજમાંથી, સર્વશ્રી માણેકલાલ ફતેચંદ, ચુનીલાલ નિહાલચંદ, માધવલાલ મણીલાલ, મોહનલાલ ભીખાભાઈ પરીખ, કેશવલાલ કચરાભાઈ શાહ, લાલભાઈ મોતીલાલ પટણી જેઓ ટ્રસ્ટીઓ છે, રૂા. ૭૫૧) 'બુદ્ધિપ્રભા' ના પ્રકાશન અર્થે સહકાર આપવામાં આવેલ છે. સર્વે ટ્રસ્ટીઓનો અમે આભાર માનીએ છીએ.

મુદ્રક અને પ્રકાશક : ઇન્દિરા ગુણવંતલાલ શાહ
મુદ્રણાલય : "જૈન વિજય" પ્રિંટિંગ પ્રેસ, ગાંધીચોક–સુરત.

( Continued from cover page 2 )

any desire and do every work with your body mind and wealth for the good of the people of the whole World. Try to remove the evil-figure, profligacy and such other bad habits from the World. Take the advice of learned and wise persons. Bharat is a land of well renowued religions. you have got the golden opportunity of giving benefit to the whole World. Be man and give up idleness. Oh Bharat, do not depend upon others.

All the people of India should first live in unity and peace, should protect the dumb animals, should give up desire for foreign articles. Try to settle the cases in court amicably. In India three crores of persons are living hungry. Many people died in Plague and other dieseases. Save them from starvation.

Indians are becoming weak in body and therefore they are losing their mental strength. India should acquire strength in the administration should be carried on with the high thoughts of learned men and India should be ruled according to the public voice.

When the king is merchant, the people would become beggars. Therefore if you want peace and prosperity in Swarajya their should not be authority in the hands of one class. Make every one fit by giving him higher education. There is Independence in England, France and America, but there is no real happiness or peace of mind because there is no real knowledge and distinction between materialism and spiritualism According to the philosophy of India, Europe is like a child. I had met Mahatma Gandhi on the bank of Sabarmati in Ahmedabad and we had a long discussion about non-violence. He wished that the Jain Shashtras should be propagated in Europe.



English translation by **Manilal H. Udani**
M.A.LL.B. Advocate

# હજુ કયાં સુધી રાહ જોશો?

# 'બુદ્ધિપ્રભા'ના

## તમે આજેજ સભ્ય બનો

કારણ

એ તમને અધ્યાત્મજ્ઞાન દીવાકર શ્રીમદ્ બુદ્ધિસાર સૂરીશ્વરજીની સિદ્ધહસ્ત કલમે લખાયેલ અધ્યાત્મને વેધક સામાજિક–ધાર્મિક લેખો આપે છે.

સરળ–સચોટને અભિનવ શૈલીમાં લખાયેલી ચિંતન કણિકા આપે છે.

જગતની જુદી જુદી ભાષાઓના ખ્યાતનામ અને સિદ્ધહસ્ત લેખકોની મૌલિક તેમજ અનુદિત વાર્તાઓ આપે છે.

પૂર્વાચાર્યો તેમજ વિદ્યમાન આચાર્ય ભગવતો અને મૂકસેવકોના જીવન ચરિત્ર આપે છે.

રોચક શૈલીમાં લખાયેલ તમારા તેમજ અન્ય ગામોના શાસન સમાચાર આપે છે.

વરસમાં ત્રણ ત્રણ સમૃદ્ધ વિશેષાંક આપે છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા પાંચ પુરા**

લખો યા મળોઃ

તંત્રીઃ ઇંદીરા શાહ ★ સંપાદકઃ ગુણવંત શાહ

C/o ધનેશ એન્ડ કાં., ૧૯/૨૧, પીકેટ ક્રોસ લેન, મુંબઇ ૨.


ver prin ed at Kishore Printery-Crescent Chambers, Tamarind Lane, Fort, Bombay-1.